


# અધ્યાત્મ

વર્ષ : ૧૬ ફેબ્રુઆરી–૧૯૮૫ અંક : ૫

## * જીવનનું સારથિપદ કોને સોંપ્યું છે? *

જે જાતિ કે દેશ ઈશ્વર ને ધર્મ કે નીતિના નિયમને તિલાંજલિ આપી સંસારનું ઐશ્વર્ય મેળવવા જ ગમે તે પ્રકારે દોડધામ કરે, તે નકલી સોનાની જેમ થોડોક વખત ચળકાટ ભલે કરી લે, પણ અંતે તેને ઘોર કષ્ટોનો સામનો કરવો પડવાનો ને તેનું નામનિશાન પણ મટી જવાનું. હિંદુજાતિ ને ભારતવર્ષ આજે પણ જીવે છે તેનું કારણ મુખ્યત્વે આમાં રહેલું છે. માણસ પાસે ધન, ધરા, સત્તા, કીર્તિ જેવું બધું જ હોય પણ જો ધર્મ ને ઈશ્વર ન હોય, તેના જીવનરથની લગામ જો ઈશ્વરને બદલે–શ્રીકૃષ્ણને બદલે–શયતાનના હાથમાં હોય તો તેને સુખશાંતિ નહિ મળવાનાં એ નક્કી છે. એટલે ગીતા પ્રશ્ન પૂછે છે કે તમારા જીવનરથનો સારથિ તમે કોને બનાવ્યો છે? ધર્મને કે અધર્મને, ઈશ્વરને કે કુટિલકર્મી શયતાનને? આ પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે કેમકે તેના ઉત્તર પર તમારા સારાય જીવનની સફળતા કે નિષ્ફળતા–ઉન્નતિ કે અવનતિ અવલંબે છે. જીવનમાં સુખશાંતિ ને સફળતા મેળવવાં હોય, મુક્તિરૂપી ઇન્દ્રપ્રસ્થનું એકછત્ર રાજ્ય મેળવવું હોય, તો એક જ ઉપાય છે : શયતાન ને કામક્રોધ તથા અહંકાર જેવા તેના લાવલશ્કરથી અલગ થઈ જાઓ, ને ઈશ્વરનો આધાર લો! સત્ય ને નીતિનો પક્ષ ગ્રહણ કરો. કેમ કે ગીતા કહે છે કે જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે, ને તેની આજ્ઞા પાળનાર કર્મપરાયણ અર્જુન છે, ત્યાં જ ધન, વિજય ને નીતિ તેમ જ ઉન્નતિ રહેલાં છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.**
- **સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.**
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ'** પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| હિમાલયના પત્રો | શ્રી સુરેશભાઇ શાહ | ૧૨ |
| માનવું હોય તો માનજો | પરમાર્થી | ૧૮ |
| દરજીડો | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૯ |
| સાક્ષાત્કારી સંત યોગેશ્વરજીને | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૦ |
| તારાબેનની ભૌતિક વિદાય | તંત્રી | ૨૧ |
| પૂ. મા સાથે પ્રશ્નોત્તરી (૩) | ધીરજ મોઘરિયા | ૨૨ |
| પ્રેરક પ્રસંગો | ઝિઝુવાડીયા કનૈયાલાલ | ૨૯ |
| હરિ ભાગ્ય ઉઘાડે, કોનું ક્યારે રે ! | નારાયણ હ. જાની | ૩૫ |
| પરમ આતિથ્ય ઉત્સવ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૪૧ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના ફેબ્રુઆરી, ૧૯૯૫ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ ફેબ્રુઆરી–૧૯૯૫ અંક : ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૪-૪-૮૧, મંગળવાર, ચૈત્ર સુદ એકાદશી**

**૨૦૩૭, સ્થળ : ૧૭, વલ્લભકુંજ સોસાયટી, તલોદ**

નિયમ મુજબ બધો જ ક્રમ થાય છે. આજે પૂ. શ્રી એકધારું ત્રણ કલાક લેખનકાર્ય કરે છે. ૧૧:૧૦ સુધી આરામ કરે છે. સાડા અગિયારે ભોજન લઇ લેવું જરૂરી છે. જેથી પાંચ મિનિટના આરામ પછી તૈયાર થાય છે.

આજે અગિયારસ છે, પૂ. શ્રી માંદગી પછી ફળાહાર કરે છે, આજે રાજગરાના લોટનો શીરો ને બટાટાનું શાક હતું. પૂ. શ્રી કપડું હઠાવી તપેલી જુએ છે. બટાકાનું શાક પોતાની થાળીમાં પીરસતાં કહે છે :

જોઇ લેજો જરા કાચાં નથી,
કાચાં હશે તો પેટમાં દુઃખે,



જરા જોઇ લેજો કે કાચાં નથી,
કાચા નથી કે પાકા નથી.
જોઇ લેજો અમે જરી કાચા નથી.

આવું ગાતાં ગાતાં પીરસ્યું. થોડું ભોજન ફળાહારમાં પૂર્ણ થયું. પૂ. શ્રી ઊભા થઇ બાથરૂમમાં જઇ કોગળા કરી લે છે. બાથરૂમમાંથી આવતાં પૂ. શ્રીની ઉપર ઓઢવાની જે ચાદર છે તેનો એક છેડો ખભા પર હતો જેથી પૂ. શ્રીનું પેટ દેખાતું હતું. સર્વેશ્વરીએ એ તરફ ધ્યાન દોર્યું. તો પૂ. શ્રી કહે :

સિદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી કશું નહીં.
કેટલાક મહાત્માઓ તો નાગડીયા જ રહે છે.
અને રામકૃષ્ણદેવ તો ખભે ધોતિયું નાંખીને ફરતા.

એમ કહી અંદરના રૂમમાં જઇ વ્યવસ્થિત ચાદર ઓઢી ફરી આવે છે. પૂ. શ્રી પોતે જ માને છે કે નિર્જન જંગલોમાં તમે ગમે તેમ રહો, પણ વસ્તીમાં આવો ત્યારે મર્યાદાભર્યો પોશાક હોવો જોઇએ. વિનોદી સ્વભાવ છે, એટલે આ રીતે જરા હસાવી શકે છે.

૧૨ વાગ્યા એટલે પૂ. શ્રી ત્રીજી રૂમમાં જાય છે. મુલાકાત શરૂ થાય છે. આજે પ્રો. શ્રી ત્રિવેદીએ જ બધા પ્રશ્નો પૂછ્યા, જેમાં ધર્મ, સમાજ, રાજકારણની વિવિધ ચર્ચાઓ થઇ. મુલાકાતનો સમય પૂરો થતાં સૌ પ્રસાદ લઇ વિદાય થાય છે.

પૂ. શ્રી માટે તલોદમાં ત્રણેક દિવસથી છાસની મીઠી લસ્સી લાવવામાં આવે છે. પૂ. શ્રી તે લે છે. સખત ગરમી હોવા છતાં પંખો ચાલુ કરી પૂ. શ્રી ફરી લેખન માટે બેસી જાય છે. રામાયણનું લેખન કરીને આરામ કરે છે. સૂતા સૂતા આરામ કરીને ધ્યાન–પ્રાર્થના પૂરી કરે છે.

પાંચ વાગ્યે ફળ ને ચીકી વગેરે લે છે. ત્યારબાદ સ્નાન કરી ધ્યાનમાં બેસે છે. ૬:૨૦ મિનિટે પૂ. શ્રી દ્વાર ખોલી બહાર આંટા મારે છે.

ત્યાં તો પ્રાંતીજથી ત્રણ ભાઈઓ ને બે બહેનો પૂ. શ્રીને આમંત્રણ આપવા આવે છે. પૂ. શ્રી તેમની સાથે વાતો કરે છે. પ્રાંતીજમાં એક અઠવાડીયું ને ચાતુર્માસ સત્સંગનું આમંત્રણ આપે છે. પૂ. શ્રીનો કાર્યક્રમ નક્કી જ હોય છે, એટલે આગળ ઉપર વાત એવો જવાબ આપે છે.

સમય થતાં પ્રવચન સ્થળે જવાનું બને છે. આજે તલોદના એકલિંગજી મહાદેવના દર્શને જવાનું બને છે.

પ્રવચનમાં પ્રાર્થનાની શક્તિ પર પૂ. શ્રી વિશેષ ભાર મૂકે છે. પ્રવચનમાંથી આવીને દૂધ પી આરામ કરે છે. હરિઃ ૐ

**તા. ૧૫-૪-૮૧, બુધવાર, ચૈત્ર સુદ બારસ**
**૨૦૩૭, સ્થળ : તલોદ**

સૂર્ય જેટલો નિયમિત છે એટલો જ નિયમિત પૂ. શ્રીનો નિત્યક્રમ અતિનિયમિત પ્રભુનું રાજ્ય તેમ જ અતિ નિયમિત ભક્તનું જીવન. નિયમિત નિત્યકર્મથી નિવૃત્ત થઈ રામાયણનું કાવ્યમાં રૂપાંતર લેખન કરવા પલંગ પાસે નીચે એક જાડી ચાદર પાથરી પૂ. શ્રી બેસી જાય છે. પલાંઠી વાળે છે. ખોળામાં ઓશીકું મૂકે છે. ઓશીકા પર કાગળોની નોટ જેવું મૂકાય છે. આવી સાદી લેખન માટેની તેઓની આવશ્યકતા છે.

લેખન એકધારું શાંતિથી છેકછાક વિના ચાલ્યા કરે છે. વચ્ચે વચ્ચે જે જે લખાય છે તેને તેને પૂ. શ્રી ધીમે ધીમે ગાય છે. તાલબદ્ધ રીતે ગાતા ગાતા લેખન તો ચાલુ જ રહે છે.



લેખન પૂરું કરી પૂ. શ્રી અભિનય કરતાં કરતાં ઇંગા સીકા ટીકા ચાલો, તમને રામાયણ સંભળાવું એમ કહેતાં કહેતાં બાથરૂમમાં જઈને પાછા પોતાના રૂમમાં જાય છે. સર્વેશ્વરી પણ પોતાના રૂમમાંથી પૂ. શ્રીની પાછળ જાય છે. પૂ. શ્રી પોતાની બેઠક પર સૂતાં સૂતાં આરામ કરે છે. અને પોતાનું જે નવું લેખન થયું છે તે સર્વેશ્વરીને રાગમાં ગાઈ સંભળાવે છે. ત્યારબાદ પોતાની દાઢી કરે છે.

૧૧:૨૦ થઈ છે. પૂ. શ્રી ધોતિયું પહેરીને આંટા મારે છે. એઓ કંઈ ગણગણે છે. સર્વેશ્વરી તેમની સામે જોતાં જ રહે છે. પૂ. શ્રી તાલબદ્ધ રીતે ગાય છેઃ–

હે શંકરદાદા આવો,
તમે માલ મઝાના લાવો,
પાર્વતીને જમાડવાને,
તમેય જમવા આવો. હે૦
પ્રસાદ આરોગી ને મનડાં,
મુક્તિ પૂરણ પામો. હે૦
ઘટ ઘટમાં દર્શન તમારાં,
દેવ દુર્લભ કરાવો. હે૦

આવું ગાતા ગાતા પૂ. શ્રી સર્વેશ્વરીના રૂમમાં આવે છે ત્યાં સક્કરટેટી પર ફરી નજર જાય છે. એટલે ગાય છે.

ટેટી લાવો તડબૂચ લાવો,
રસ ગન્નાનો પાઓ. હે૦

આટલું ગણગણતાં દ્વાર ખોલે છે. છોકરાઓ આવે છે. તેમને સફાઈની સૂચના આપે છે. સર્વેશ્વરીના રૂમમાં પૂ. શ્રી બેસવાના છે

જેથી અમિત કચરો કાઢે છે. સર્વેશ્વરી પાટલા મૂકે છે, કારણ શ્રી રવિશંકર (રસોયા મહારાજ) ભોજનની સામગ્રી લઈને ઊભા છે. પૂ. શ્રી અમિત પાસે પાણી મંગાવે છે, ને જ્યાં ભોજન માટે બેસવાના છે ત્યાં અમિત પાણી છાંટે છે.

પૂ. શ્રી શ્લોક બોલે છેઃ–

**'ૐ अपवित्रो पवित्रो वा'** વાળો આખો શ્લોક.

પૂ. શ્રી પછી પાટલા પર બેસે છે. શંકરદાદાનું નામ સ્મરણ કરે છે. આજે ભોજનમાં વધારેલી ખીચડી ને શાક છે. પૂ. શ્રી ભોજન શરૂ કરતાં આવું કહે છે :

સમાજને માટે બાળપણથી જીવન અર્પણ કર્યું. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાને બદલે સમાજસેવા કરી. અનેક ગ્રંથો લખ્યા, ને હજી લખે છે. પ્રવચન ને મુલાકાતથી સમાજને શાંતિ આપે છે. તેઓનું સમાજ કેટલું ધ્યાન રાખે છે? કંઈક જરૂર છે કે નહીં તેની તો પરવા જ નથી કરતા. ઊલટા ઘણા ટીકા કરે છે. આવી વાતો કરતાં કરતાં ભોજન પૂરું કરે છે.

ભોજન બાદ સમય થતાં ત્રીજા રૂમમાં પૂ. શ્રી આવે છે. મુલાકાતીઓ આવીને બેઠા છે. સર્વેશ્વરી પોતાની રૂમમાં જ બેઠાં છે. પૂ. શ્રી ત્રણવાર હરિઃ ૐ બોલે છે; જેથી સર્વેશ્વરી આવીને પૂ. શ્રીની સોફાની બેઠક પાસે એક ખુરશી છે તેના પર બેસે છે. આજે શાળાના શિક્ષકો મળવા આવ્યા છે. તેઓ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન :** મૃત્યુની વ્યાખ્યા શું? મૃત્યુ પછી શું થાય છે?

**પૂ. શ્રી :** જૂદા જૂદા વિચારકો જૂદી જૂદી વ્યાખ્યાઓ આપે છે. જોકે સૌથી શ્રેષ્ઠ વ્યાખ્યા મને ટાગોરની લાગે છે :

ટાગોર કહે છે માતા બાળકને સ્તનપાન કરાવે છે, એક સ્તન



પર ધવડાવ્યા પછી બાળકને ફેરવી બીજા સ્તનથી સ્તનપાન કરાવે, તો એકથી બીજી તરફ લઈ જવાની ક્રિયાની વચ્ચેની અવસ્થા જેમાં બાળકનું મન મૂંઝવણ અનુભવે છે. એને મરણની અવસ્થા કહી શકાય. જીવન વચ્ચે મરણ ને વળી જીવન. એક સ્તનથી બીજા સ્તન તરફ લઈ જવાની ક્રિયાનો સમયગાળો તે મરણ.

ગીતા કહે છે : જૂનાં વસ્ત્રો છોડવાં તે મરણ ને નવાં વસ્ત્રો ધારણ કરવાં તે જીવન.

મારું માનવું છે કે શરીરમાં બધું જ હોય પણ ચેતના ઊઠી જાય તો તે અવસ્થા મરણ. મોટર તૈયાર છે, ડ્રાઈવર બેસે એટલે જીવન ચાલુ.

મૃત્યુ પછી શું થાય છે તે સામાન્ય માનવી જાણી શકતો નથી. યોગીઓ જાણે છે. પવિત્ર જીવન જીવનારા કોઈક બડભાગી જીવને પણ એ વાત સૂઝી જાય છે. ક્યારે જવાનું છે ને ક્યાં જવાનું છે, તે આપણે જાણતા નથી. તે ઘણું સારું છે. નહીંતર ગરબડ ઊભી થઈ જાય.

**પ્રશ્ન :** પ્રાણ અને ચેતના એક છે કે જૂદાં?

**પૂ. શ્રી :** પ્રાણ જડ છે. જેમ આત્મા શરીરમાં છે તો મન મનન કરવાની શક્તિ ધરાવે છે; તેમ પ્રાણ પણ આત્માને લીધે જ સ્પંદનથી સંચાર કરી શકે છે, પ્રાણ ઉપર નિયંત્રણ કરનાર આત્મા છે. પ્રાણનો સ્થૂળ રીતે (નાક પર જોઈને–શ્વાસ જોઈ) અનુભવ કરી શકીએ છીએ. એ રીતે આત્માનો સ્થૂળ રીતે અનુભવ કરી શકાતો નથી.

આજે બીજા વિવિધ પ્રશ્નો પણ હતા. એક કલાક તો ક્યાંનો

ક્યાં પસાર થઇ જાય છે. અમિત સૌને પ્રસાદ વહેંચે છે. પૂ. શ્રી ધૂન બોલાવે છે :

રાધેશ્યામ રાધેશ્યામ બોલો બોલો રાધેશ્યામ. ૧
ચાર દિવસની જીંદગીમાં, માથાકૂટ શું કામ? ૨
તડકા છાયા જેવી છે આ, જનમ મરણ જંજાળ.
રાધેશ્યામ. ૩

સૌ પ્રેમપૂર્વક ધૂન ઝીલે છે. ત્યાં તો શ્રી અમથાભાઇ—જે પ્રભાતફેરી ચલાવે છે તેમને ભજન ગાવાની ઇચ્છા થઇ. પૂ. શ્રીએ રજા આપી. તે ભાઇએ વૈરાગ્ય આવે એવું પદ સંભળાવ્યું. સૌ હસે છે.

પૂ. શ્રી પૂછે છે : ભજનમાં ગાયું તેવું જ ઘરમાં છે કે? કોઇ પાણી પાનારું છે?

સૌને આનંદ આવી ગયો. સૌ પ્રણામ કરી વિદાય થયા. આજકાલ ગરમી અસહ્ય છે, જેથી પૂ. શ્રી નીચે શેતરંજી પર પથારી પાથરી સૂઇ જાય છે. સર્વેશ્વરી ભીનો નેપકીન કરીને પૂ. શ્રીના માથે મૂકવા આપે છે. વળી પૂ. શ્રીની ખાદીની લૂંગી જેવું કપડું જે પૂ. શ્રી ઉપયોગમાં નથી લેતા તેને આખું જ ભીનું કરી પૂ. શ્રી ઓઢી લે છે. પૂ. શ્રી સૂતા સૂતા કહે છે :

દુનિયાના મોટાં શહેરોમાં જોઇએ તો કેટલી બધી ધમાલ! લોકોને શાંતિ નથી. ધંધા, નોકરી કરવાં જ પડે. એ બધું વિચારીએ તો આપણું જીવન કેટલું સુખી ગણાય! હું માતાજીને પણ એ વાત કહેતો.

પથારીમાં જ પૂ. શ્રી પ્રાર્થના કરે છે. પાંચ વાગ્યે પૂ. શ્રી એક કાવ્યનું લેખન કરે છે. સાડા છ સુધી તૈયાર થઇ આંટા મારે છે.



તેટલામાં સંચાલકભાઇ આવે છે. પૂ. શ્રી પેપર પર નજર નાંખે છે. સંચાલક ભાઇ સાથે સર્વેશ્વરી સહિત પૂ. શ્રી થોડું ચાલે છે, ત્યાં તો ગાડી આવે છે.

પૂ. શ્રી આજે પ્રવચનમાં પોતાના બે અનુભવને પણ વણી લે છે. પ્રવચન બાદ ઉતારા પર આવી દૂધ પીને આરામ. હરિ: ૐ

( ક્રમશ: )

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# હિમાલયના પત્રો

સંક્ષેપ અને સંકલન : શ્રી સુરેશભાઈ શાહ, કેનેડા

## પત્ર–૨૭ : પ્રેમનું બળ

સામાન્ય વ્યવહારમાં ધન, કીર્તિ, મોભો, પ્રતિષ્ઠા અને શારીરિક બળના સામર્થ્યમાં વ્યક્તિગત સુખ રહેલું ગણવામાં આવે છે. આ બધાં બળોથી કામચલાઉ, લૌકિક સુખની તૃપ્તિ થાય છે અને વ્યક્તિનો અહમ્ અમુકઅંશે પોષાય છે. અહીં જે બળનો ઉલ્લેખ પૂ. શ્રી ૨૦ વર્ષથી યુવાવયે પોતાના પ્રિયસખા નારાયણને કરે છે તે ઈશ્વરપ્રાપ્તિ માટેના હૃદયના વિશુદ્ધ પ્રેમની છે કે જેનાથી સાધકને સંતૃપ્તિ મળે છે. ભક્તિ અને પરાભક્તિનો વિસ્ફોટ કરતાં પૂ. શ્રી જણાવે છે કે પરાભક્તિ એટલે માત્ર ઈશ્વરને ઈશ્વરને માટેની જ વેદના–સતત દર્દભાવના ને તેના જ સતત અનુભવની વિરહાવસ્થા. શક્ય છે કે આ વિરહના દર્દથી ભક્તને ભગવાનનાં દર્શન થાય. અથવા ઈશ્વરી ભાવનાનો સાક્ષાત્કાર એક કે બીજી રીતે થાય. પ્રેમનું બળ જ એવું છે.

ઇ. સ. ૧૯૪૧ માં પૂ. શ્રી, શ્રી નારાયણભાઇના ઈશ્વરના સાકારદર્શનના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે, ઈશ્વરનો માર્ગ અનંત છે. તેનું સ્વરૂપ પણ અનંત છે. તેનું દર્શન થયું એમ કહેવું મનુષ્ય માટે હાંસીજનક છે. વળી એ પણ સાચું છે કે શુદ્ધહૃદયી પુરુષને જગતમાં ઈશ્વરનું દર્શન થાય જ છે. પોતાની મહાનતા અને ઈશ્વરદર્શનની પ્રાપ્તિને મહત્ત્વ ના આપતાં અતિસાહજિકતા અને નિખાલસતાથી વિનમ્રભાવે જણાવે છે કે પોતે એક ક્ષુદ્ર મનુષ્ય છે. વિરાટ ઈશ્વરનું દર્શન તેમને શેં થાય? એટલું પ્રેમબળ તેમનામાં છે ખરું? પોતાના મનની લાગણી પ્રદર્શિત કરતાં તેઓશ્રી જણાવે છે કે, હું તો તેને માટે બનતું રડી જાણું, પોકારી જ જાણું. શાંતચિત્તે તેને ઠેર ઠેર દેખતો રહું. મારી આજ મનીષા.



પરંતુ પોતાના બાળસખાને સાચી વાત કહ્યા વગર રહી શકતા નથી અને જણાવે છે કે, માએ મારા પર કૃપા કરી છે. માનું રૂપ અપાર છે. તેના વિરાટરૂપના અંશને તેણે મારી આગળ આણ્યું છે. પરંતુ તે ભાવાવસ્થાને દેહાતીત અવસ્થામાં. એવી જ રીતે કૃષ્ણદેવે, બુદ્ધદેવે તથા બીજા પ્રાચીન અર્વાચીન સંતોએ પણ કૃપા કરી છે. આનાથી સંતોષ નહીં માનતાં પૂ. શ્રી જણાવે છે કે રામકૃષ્ણદેવને જેમ ક્ષણે ક્ષણે મા પ્રત્યક્ષ હતાં તેમ મને થઇ શકે. અને રામકૃષ્ણદેવ ધારતા તેમ બીજાને માનો કૃપાપ્રસાદ આપી શકતા એ સ્થિતિ મારી આવે તેમ ઇચ્છું છું.

પૂ. શ્રી જણાવે છે કે તેમની સાધનામાં ભક્તિ–જ્ઞાનનું મિશ્રણ છે. એટલે પૂ. શ્રીના અનુભવો વિવિધ છે. ઈશ્વરદર્શન પછી પણ આટલો વિનમ્રભાવ આધુનિક જગતના કેટલા સંતો રાખી શકે. તેવો પ્રશ્ન આપણને સહજ થાય છે! ઈશ્વરી પ્રેમ જ સાચી વસ્તુ છે, જ્યાં સુધી તે પ્રકટે નહિ ત્યાં સુધી દુઃખ રહે છે. એ પ્રકટે એટલે થઇ રહ્યું. જ્યાં સુધી એના સહસ્રાંશના સ્વાદનું પણ ભાન થયું નથી. ત્યાં સુધી જ અશ્રદ્ધા અને કટુતા રહે છે તે થાય એટલે બસ જીવન ઈશ્વરી બને છે–અમૃતનું તીર્થ થઇ રહે છે.

પૂ. માતાજીનો જીવનનિર્વાહ, મા જગદંબાની કૃપાથી સમાજ-માં રહેલા અને પૂ. માએ ઊભા કરેલા માણસો દ્વારા થશે તેમ જણાવી પોતાને જગદંબાએ તે કાર્યમાંથી પણ મુક્ત કર્યાનો

સંતોષ અનુભવે છે. ધર્મશાળાને લીધે લાભ થયો તેમ જણાવતા પૂ. શ્રી કહે છે કે લક્ષ્મીબાઇની દરરોજની ગાળોથી પોતાની સહનશક્તિની કસોટી થઇ, વળી એકાંત મળ્યું, પ્રપંચથી દૂર રહેવાનું અને માના પરમપ્રેમમાં મસ્ત રહેવાનું મળ્યું. માતાજીનો યોગક્ષેમ પણ ચાલ્યા કર્યો. પરંતુ માનો વિચાર હવે પૂ. શ્રીને ઊંચકી લેવાનો ને પૂ. શ્રીના કરમાં કર લઇ, પૂ. શ્રીનો પ્રેમ લૂંટતા લૂંટતા ગંગાના તીરપ્રાન્ત પર કે પહાડોનાં સૂનાં શિખરો પર ફરવાનો છે.

દીપક અને જ્યોત, પુષ્પ અને પરિમલ, સરિતા અને સલિલ, ચંદ્ર તેમ જ ચાંદની જેવી એકતા પૂ. શ્રીનું શરીર અને મા જગદંબાનું હૃદય પામી રહ્યાં છે, અલૌકિક આધ્યાત્મિક જીવનની આ અવધિ છે અને પૂ. શ્રીના જીવનમાં પ્રગટેલા મા જગદંબાની લીલાની આ પરાકાષ્ટા છે. આ અનુભૂતિનું વર્ણન શબ્દોથી નહીં અનુભવથી જ સમજાય!

### પત્ર–૨૮ : ઉદાત્ત રહસ્યજ્ઞાન

ઋષિકેશની ધર્મશાળા છોડીને પૂ. શ્રી ઋષિકેશથી ૪૦–૪૨ માઇલ દૂર દેવપ્રયાગની દેવર્ષિભૂમિમાં જવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે. તે સ્થાન ખૂબ જ સુંદર છે. ભાગીરથી અને અલકનંદા બે નદીનો ત્યાં સંગમ થાય છે ત્યાંથી છ–સાત માઇલ દૂર દશરથાચલ પહાડ છે. ખૂબ જ ઊંચો, એકાંત ને સુંદર. પોતાને તે ખૂબ જ ગમી ગયો છે અને ત્યાં એકલા રહેવા હૃદય પોકારે છે તેવી ઉદ્‌ઘોષણા પૂ. શ્રી આ પત્રમાં કરે છે. જાણે કે શ્રદ્ધા અને ભક્તિ, વૈરાગ્ય અને ત્યાગનાં સંગમ સ્થાને આત્માના ઉચ્ચ શિખરો ઉપર બિરાજતી મા જગદંબાની કૃપા અને પ્રેમનો જીવનમાં આવિષ્કાર થએલો દેખાય છે.



સાધકની ભૂમિકા અંગે અંગુલિનિર્દેશ કરતાં પૂ. શ્રી પોતાના સખાને જણાવે છે કે, ભૂમિકા એ મુખ્ય વસ્તુ છે. તે તૈયાર થાય એટલે બીજી બધી વસ્તુ આપોઆપ આવે છે. ત્યાગ પણ કાંઇ કરવાનો નથી, તે તો આપોઆપ સાહજીક રીતે થઇ જાય છે, આધ્યાત્મિક વિકાસની એ સ્વભાવગત અવસ્થા છે, અને યોગ્ય સમય આવતાં તે થઇ રહે છે.

જપ અને ધ્યાન માટે પૂ. શ્રી બ્રાહ્મમુહુર્તનો આગ્રહ રાખે છે. જપ અને ધ્યાન કાયમ રાખવાનો અભ્યાસ કરવાના તેઓ આગ્રહી છે. આત્મા અને મનના અવાજ વચ્ચેનો ભેદ સમજવા દૃષ્ટિ કેળવવા અનુરોધ કરે છે. જે વસ્તુ આપણને પ્રેમ, દયા, ઈશ્વરભાવ ને સત્ય તરફ લઇ જાય કે તે તરફ જવામાં મદદ કરે તે વસ્તુ જ ઊંચી છે. એ વિનાની બીજી વસ્તુઓ ખોટી સમજવી. શુદ્ધ મન હોય તે જ સાચો અવાજ આપી શકે છે. અંતે પૂ. શ્રી જણાવે છે કે ગુરુ બીજો કોઇ નહિ, ઈશ્વર જ છે.

જીવનના ધ્યેય વિષે, નૂતનવર્ષનો સંદેશો પાઠવતાં પૂ. શ્રી જણાવે છે કે જીવનનું ધ્યેય મુક્તિ છે. તેનું ઘટસ્ફોટ કરતાં કહે છે કે સ્વાર્થ એ બંધ છે, ને નિઃસ્વાર્થતા એ મુક્તિ છે. દ્વેષ એ બંધ છે, ને પ્રેમ એ મુક્તિ છે. વિલાસ એ બંધ છે, ને સંયમ એ મુક્તિ છે. બહારના પદાર્થો પાછળ સુખશાંતિ માટે પડવું એ બંધ છે ને અંદર જ તેનો પ્રવાહ પ્રાપ્ત કરવો એ મુક્તિ છે. દેહનો અધ્યાસ એ બંધ છે, ને આત્મતત્ત્વની અનુભૂતિ એ મુક્તિ છે. કામ, ક્રોધ ને લોભ એ બંધ છે, ને નિઃસંકલ્પતા, નિર્લેપતા ને ક્ષમા તથા દયા એ મુક્તિ છે. મુક્તિની આ ટૂંકી સમીક્ષા છે. આ અનુસાર આપણે જીવન બનાવીએ તો મુક્તિ એ આવતા ભવની વાત નહી પણ આ જન્મની જ સત્ય પ્રતીતિ થઇ જાય છે, ને શાંતિ પ્રાપ્ત થાય

છે. જીવનપરિક્ષણ કરવાથી આવી સ્થિતિ પ્રાપ્ત થઇ શકે છે તેમ તેઓશ્રી દૃઢપણે જણાવે છે.

### પત્ર-૨૯ : અમૃતનું તીર્થ

ઋષિમુનિઓની પવિત્ર ભૂમિ, ઋષિકેશથી તા. ૮ નવે. ૧૯૪૩ ના દિવસે મિત્રસખા શ્રી નારાયણને ઉદ્દેશીને લખાયેલા આ પત્રમાં પૂ. શ્રી જણાવે છે કે, ધર્મશાળાનું કામ પૂ. માની સતત અને સખત પ્રેરણાના કારણે આકસ્મિકરીતે પૂર્ણ થાય છે અને ધર્મશાળાની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મેળવવા પૂ. શ્રી રાજીનામું આપે છે. પોતાની મા જગદંબાને આ કાર્યમાંથી નિવૃત્તિ અપાવવાની પ્રાર્થનાને અનુમોદન મળ્યું છે અને બાહ્ય તેમ જ આંતરિક રીતે હવે પૂ. શ્રી મા જગદંબાના બન્યા છે તેનો એકરાર કરે છે. પૂ. માની પ્રેરણાથી હવે એકલા જ રહેવાનું નક્કી કર્યું છે. હવે પોતે અલૌકિક રીતે શોભી ઊઠશે અને જ્ઞાન, વૈરાગ્ય, પ્રેમ, ભક્તિ, મોક્ષ બધા હવે કોઇ અજબરીતે શોભશે. પ્રેમની પરકાષ્ટા તથા આત્મિક એકતાની વાત કરતાં પૂ. શ્રી કહે છે કે મા, પણ હસશે કેમકે મારા પ્રેમની તેને હવે પૂર્ણ પ્રતીતિ થઇ છે.

પોતે હવે ધર્મશાળા છોડી પહાડોમાં ચાલ્યા જાય તો નવાઇ નહીં તેમ જણાવી પૂ. માના સમર્થ સામ્રાજ્યનું સમર્થન કરાવે છે અને જેમ પરિપક્વ પાંદડું વૃક્ષ પર રહી શકતું નથી, ખરી પડે છે, તેવું જ મુક્તાત્મા કે ઉચ્ચપુરુષનું છે. આ એક અદ્ભુત રહસ્ય છે. આ હકીકતને લક્ષ્યમાં ન લેવાથી ને પોતાની ઇચ્છાથી જ ઘર બહાર, સ્નેહી વગેરેનો ત્યાગ કરવાથી કેટલાંક જીવન નષ્ટપ્રાય થઇ જાય છે, ને ત્રિશંકુની દશા ભોગવે છે. ગીતાએ ક્યાંય પણ બાહ્યત્યાગ કરવા પર જોર દીધું નથી. કેવું ઉદાત્ત રહસ્યજ્ઞાન...! આધુનિક સમાજમાં ત્યાગ અને વૈરાગ્ય જે પહેરવેશ બદલવાથી



કે ટીલાં, ટપકાં કરી સમાજમાં આધ્યાત્મિકતાના બહાને સમાજને પથભ્રષ્ટ કરવાના જે પ્રયત્નો થાય છે તે તરફ પૂ. શ્રીએ અંગુલિ-નિર્દેશ કર્યો છે.

ઈશ્વરને જ ગુરુ માનવો તેના ઉપર અપાર શ્રદ્ધા રાખીને તેની પાસે હૃદયને ખુલ્લું કરવું. એ જ માર્ગ બતાવશે અને સમયાનુસાર એવાં માણસોને પણ એ મેળવી આપશે કે જે આપણી વ્યક્તિગત સાધનાને વેગ આપે. પ્રાર્થનામાં અદ્ભુત બળ છે. બાળકનો અવાજ જેમ મા સાંભળે છે તેમ સાચા હૃદયની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી જ. માટે સાધનદશામાં પ્રાર્થનામય જીવન જીવવું જોઇએ. જીવનની હરેક ક્ષણને પ્રાર્થનામય બનાવવી એ પ્રાર્થનામય જીવન છે. પોતાના સખા શ્રી નારાયણભાઇને ઇ. સ. ૧૯૪૩ માં આપેલો આ બોધ શું આજે પણ સાચો નથી? પ્રામાણિકપણે આધ્યાત્મિક પથ ઉપરના દરેક પ્રવાસી માટે તે બોધદાયક અને પ્રેરણાત્મક છે. પથપ્રદર્શક છે.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોટી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

## * માનવું હોય તો માનજો *

( પ્રભાતિયું )

માનવું હોય તો માનજો મારી વાત બધાં બહેનભાઈ રે,
વિશ્વાસે મા સર્વેશ્વરીની વાણી ઉર સમજાય રે. ૧

યોગેશ્વરનું શરણું લે તેનો બેડો પાર જ થાય રે,
એની કૃપાથી લાગે અશક્ય તે પણ શક્ય થાય રે. ૨

સર્વ સમર્પણ કરી જુઓ ને જુઓ પછી શું થાય રે,
ખાલી વાત કર્યાથી ન વળતું અનુભવથી સમજાય રે. ૩

અદકો હિસાબી સહુથી જુદો ઋણ ચૂકવતો જાય રે,
બેવડું આપ્યા વિણ કદિ ના તેનાથી રહેવાય રે. ૪

સિદ્ધ પુરુષો લેતા જગથી છોડી કાય વિદાય રે,
તેથી માનવું એમ કદિ ના તેમનાથી શું થાય રે. ૫

સ્થૂળ કાયા જે કરી શકે ના તે કરે સૂક્ષ્મ કાય રે,
સેવા યજ્ઞ કરે સદા યે થયા વિદેહ છતાં ય રે. ૬

પરિચય દીધો પરમાર્થીને પ્રેરણા પિયૂષ પાઈ રે,
ધૂન જગાડી નામસ્મરણની ગુરુનો મહિમા ગાઈ રે. ૭

પરમાર્થી



## * દરજીડો *

ડગલાનો ઘડનારો દરજી એક છે.
જૂદી જૂદી જાત હો, જૂદી જૂદી ભાત હો,
તાણો ને વાણો અંતે એનો એક છે
ડગલાનો દરજીડો એનો એક છે.

પંચ–તાર સાંધો કે ત્રિ–તાર સાંધો,
તારના કસબીને એનો કેવોક વાંધો?
આદિ ને અંતે તો એક જ એકતાર છે,
ચેતન–ડગલાનો બધે એક જ એ સાર છે :
અનેકોમાં એક ને એકમાં અનેક છે
ડગલાનો ઘડનારો દરજીડો તો એક છે.
જૂદી જૂદી ભાત હો, જૂદી જૂદી જાત હો,
તાણો ને વાણો અંતે તો એક છે.
ઘડનારો ડગલાનો દરજીડો એક છે.

ડૉ. રણજિત પટેલ (અનામી)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

## * સાક્ષાત્કારી સંત યોગેશ્વરજીને *

( ગાન )

જય યોગેશ્વર સંત સુજાણ, તુજ અમારી આશ અપાર,
જીવનમાં તેં ધર્મ વણ્યો, પવિત્રતા આચાર ગણ્યો.
સંયમ તુજ આધાર થયો, સાદગીકેરો મંત્ર ભણ્યો,
તુજ અમારી આશા, ધ્યાન–યોગ તુજ ભાષા છે.

ગુજરાતે તેં જન્મ લીધો, પછી હિમાલય સાથ કીધો,
તપસાધના ઉચ્ચ કરી, દિવ્યતાને હાથ કરી.
નિયમ ઘણા જીવનમાં લેતા, કંટક–સંકટ સર્વે સહ્યા,
સાક્ષાત્કારી સંત તમે, જ્ઞાન જગતને આપ્યું તમે.

પ્રકાશકેરો પંથ લીધો, જગને પ્રેરણાપંથ દીધો,
માતાની બહુ સેવા કીધ, જ્યોતિર્મયીની આશીષ લીધ.
દેશવિદેશે ફર્યા ઘણું, આપ્યું મુમુક્ષુને જ્ઞાન ખરું,
જીવન મહાન ને ઉચ્ચ સહી, છતાં આડંબર દંભ નહિ.

વંદન યોગેશ્વર તમને, દોરો અમને દિવ્ય પથે,
પુણ્ય પુનિત તમ નામ ઘણું, એથી તમ ઉત્તમ કામ ખરું.
ભારત ગૌરવ જીવન તમ, દૂર કરે કૈં અજ્ઞાન અમ,
પડળ–તિમિર અમ દૂર કરો, પ્રકાશ ઉરમાં દિવ્ય ભરો.

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



### પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સહોદર

## તારાબેનની ભૌતિક વિદાય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં પૂર્વાશ્રમનાં બેન શ્રી તારાબેનનો સ્વર્ગવાસ જાન્યુ, '૯૫ માં થયો. તેઓશ્રી પૂ. શ્રી સંસ્થાપિત સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી પણ હતાં. તેઓના સ્વર્ગવાસથી પૂ. શ્રીનાં એકમાત્ર સહોદર બનવાનું સૌભાગ્ય ધરાવનાર વ્યક્તિની વિદાયની ખોટનું દુઃખ સહુને થાય એ સ્વાભાવિક છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ આપે.

પૂ. શ્રીનાં માતાજી જ્યોતિર્મયીની શ્રી તારાબેને પુત્રીના નાતે માંદગી અને બીજા કેટલાક પ્રસંગોએ પ્રેમપૂર્વક સંભાળ રાખી સેવા કરી હતી. આથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તેમની આ પ્રકારની સેવાઓને યાદ કરી તેમના તરફ આદર અને સદ્‌ભાવથી હંમેશ જોતાં અને પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી તેમને કોઇ પ્રકારે ઓછું ના આવે તેનું પણ સતત ધ્યાન રાખતાં. શ્રી તારાબેનની શારીરિક બીમારી તો ઘણા વખતથી ચાલતી. તેઓના પતિ શ્રી અંબાલાલભાઇના સ્વર્ગવાસ નિમિત્તે પૂ. માએ જાતે જઇ તેઓને તથા પરિવારના સભ્યોને આશ્વાસન આપેલ. શ્રીમતી તારાબેનને ચાર પુત્રો અને એક પુત્રી છે. તેઓ સહુને તારાબેનની વિદાયનું દુઃખ સહેવાની પ્રભુ શક્તિ આપે એજ પ્રાર્થના.

તંત્રી, અધ્યાત્મ.

# પૂ. મા સાથે પ્રશ્નોત્તરી

સંકલન : ધીરજ મોઘરિયા

(પરમ પૂજ્ય મા સર્વેશ્વરીના તા. ૧૪-૫-૯૨ ના હરદ્વાર નિવાસ દરમ્યાન તેમની સાથે થયેલી આધ્યાત્મિક પ્રશ્નોત્તરી અંગે રજૂ કરવામાં આવે છે. —તંત્રી)

**પ્રશ્ન :** (ડોક્ટર હરેન્દ્ર સુરતીયા):–જીવનમાં ધ્યેયની પ્રાપ્તિ માટે અસમર્થતા હોય તો શું કરવું?

**પૂ. મા :** શા માટે એવું માનો છો કે અસમર્થતા છે? 'અમે હાથમાં મોત લઇ ફરનારા' (ગાય છે) મરણીયા પ્રયાસ કરો ને! તો ધ્યેય પ્રાપ્તિ થઇ જ જાય. કેમ ના થાય? જાણીએ છીએ કે ત્યાં પહોંચવાનું છે તો ગમે તે રીતે પહોંચો છો. નથી પહોંચાતું ડાક્ટર તરીકે?

**ડાક્ટર :** આધ્યાત્મિક રીતે!

**પૂ. મા :** આધ્યાત્મિક રીતે? તો દરદીઓને નારાયણનું સ્વરૂપ માનો ને! કે ભાઇ તમને સારું જ થઇ જશે. મટી જ જશે! લે અડધી જ ગોળી આપુ! દશ દિવસની નહીં! (હસાહસ).

**પ્રશ્ન :** મા, સ્વપ્નદર્શન થાય, પણ જાગીને પછી યાદ ના રહે તો શું કરવું?

**પૂ. મા :** તે નહીં જરૂરી હોય! બધું જ અમે બોલીએ તે જરૂરી થોડું? જેટલું જરૂરી હોય એટલું ભગવાન યાદ રખાવે. સ્વપ્નમાં વાતચીત થાય કોઇ સંત સાથે, તે યાદ રાખવા જેવી ના પણ હોય. ખાલી તમને એની પ્રતીતિ કરાવતા હોય કે હું આવ્યો



છું. પછીં બીજીવાર સંભળાય વાતચીત, ત્રીજીવાર વાતચીત યાદ રહે, ચોથી વાર તેને પ્રશ્ન પૂછવાનું મન થાય, પાંચમી વાર તે જવાબ આપે, છઠ્ઠીવાર જ્યારે કહો ત્યારે જવાબ આપે.

**પ્રશ્ન :** ગંગામાતાની આરતીમાં આપે લખ્યું છે કે ગંગા રોગવિનાશીની ને ભવતારિણી છે, તે કઇ રીતે?

**પૂ. મા :** 'ગંગામા હે રોગવિનાશીની' અમે લખ્યું છે, તે કેટલાકના અનુભવો સાંભળીને અને પ્રત્યક્ષ જોઇને પણ લખ્યું છે. જેમ કે કપૂરા (પૂ. મા સર્વેશ્વરીની પ્રાકટ્યભૂમિ, 'વ્યારા' થી ૮ કિ. મી. દૂર સૂરત જીલ્લામાં.)ની છોકરી ગયા વરસે આવેલી અહીંયાં અને એણે આટલા દિવસ ગંગામાં સ્નાન કર્યું ને એના કોઢના ડાઘા ઓછા થઇ ગયા. હકીકત છે. કપૂરા તે છોકરી પહોંચી, તે જોનારા છે. આંગળી ઊંચી કરો ભાઇ! તો હકીકત છે આ. કદાચ એ શ્રદ્ધાથી એણે સ્નાન કર્યું હોય! બરાબર. અને ખુદ આર્ય-નિવાસ (હરદ્વારમાં પૂ. મા હંમેશાં જે સ્થળે ઉતરે છે તે વિશ્રામ-ગૃહ)ના જે મેનેજર હતા પહેલાં શ્રી અમૃતકાકા, એમનાં ધર્મ-પત્નીને કેન્સર છે એમ કહેલું, મુંબઇની ટાટા હોસ્પિટલે અને બીજા બધા ડોક્ટરોએ. એટલે એ બહેને એમ વિચાર્યું કે ગંગા-કિનારે હવે પછીનું મારું જીવન પસાર થાય. તો આખો દિવસ એનો એક જ કાર્યક્રમ. નીચે ઘાટ પર બેસી ભાગવત વાંચે ને સ્નાન કરે, બસ! અને છ મહિના પછી બતાવવા ગયાં, તે કહે કે ખોટી વાત છે. તમને કેન્સર છે એવું કોણે કહ્યું? "લો આ તમારા જ રીપોર્ટ બતાવીએ તમે જ ડોક્ટરોને કહેલું" "એમ?" તો કહે, 'ના, નથી હવે, જાવ મટી ગયો રોગ!"

એ રીતે અહીંયા અમૃતકાકાની ઓફિસમાં એક ભાઇ આવેલા, આખી ચામડી એની ખરી પડતી'તી નીચે. એટલે કે ચેપી રોગ

એને કોઇ થયેલો. એટલે અમૃતભાઇએ ના પાડી. એને કહે અમારે ત્યાં કોઇ જગ્યા નથી, તમે અમારી આ ધર્મશાળામાં ન રહી શકો. તેથી એ ભાઇ તો જતા રહ્યા. ત્રણેક મહિના બીજી કોઇ ધર્મ-શાળામાં રહ્યા. ને પછી જતી વખતે અમૃતકાકાને મળવા આવ્યા. તો અમૃતકાકાને પૂછ્યું કે તમે અમને ઓળખો છો?" તો કહે, "ના, આમ તો ઓળખાણ નથી પડતી." તો કહે, "ત્રણ મહિના પહેલાં આવ્યો'તો અને તમે મને ના પાડી'તી, કે તમે મારી ધર્મશાળામાં ના રહી શકો ને હું આ ચેપી રોગ વાળો!" તો કહે, "આજે તો તમારું બધું જતું રહ્યું, મોઢાપર કે હાથ ઉપર જે બધું હતું, ચામડીનો રોગ તે. તે કેવી રીતે ગયો?" તો તેણે કહ્યું કે તેઓ તો દવાની કોઇ મોટી કંપનીમાં કામ કરે, અને બધી દવાના પ્રયોગો એણે આ ચામડીના રોગ ઉપર કરેલા; પણ કોઇ પણ સફળ ના થયા. કોઇકે કહ્યું એને કે તું ગંગાકિનારે એક મહિનો રહી આવ, ને ત્રણવાર રોજ સ્નાન કર તો કદાચ સંભવ છે કે તારી આ ચામડીનો રોગ જતો રહે. તો ખરેખર એનો રોગ જતો રહેલો, અને એણે વરસો સુધી દરવરસે એક મહિનો રોગ મટી ગયા પછી પણ એક મહિનો ગંગાકિનારે આવવું અને અહીં રહેવું એવું નક્કી કરેલું. અમને એક ભિખારી મળેલો બે ત્રણ વરસ પર, કોઇ હશે કદાચ મારી સાથે (તે વખતે) આપણે સામેની પાળ ઉપર અમે જપ કરવા રોજ બેસતાં. રોજ છથી બાર. એક અમારી પાસે, થોડેક દૂર આમ સ્નાન કરતો'તો. અમે એને પણ પ્રસાદને એવું આપેલું, આરતી ને બધુ પૂરું કરીને. પછી અમે એને પૂછ્યું કે તમે ક્યાંના છો? તો એણે એમ કહેલું કે મારું મૂળ વતન તો બીજું પણ મને ઘરમાંથી કાઢી મૂક્યો રોગને લીધે એટલે હું અહીંયા રહું છું, પણ અહીં મને બહુ સારું લાગે છે. આ



ગંગામાં સ્નાન કર્યા કરું છું જેથી મારું શરીર, જે રોગ વધુ વ્યાપક પ્રમાણમાં ફેલાય જાય તેના કરતા અહીં કન્ટ્રોલમાં રહે છે. તેથી અહીં રહું છું. એટલે શ્રદ્ધાથી જો કરીશું તો મટશે અને શ્રદ્ધાથી ના કરીશું તો પાણીનાં પીપ ગંગાજીના પી જશું તોપણ આપણે એવાને એવા રહીશું.

ઔષધ તરીકે પણ એનો ઉપયોગ કરી શકે છે. અમારા પૂર્ણિમાબેન (વડોદરાવાળા)ના જ જીવનનો કેવો મોટો ચમત્કાર છે? અને સાચો છે! પ્રત્યક્ષ છે, નજરે જોયેલો છે. (પૂર્ણિમા-બેનને) બરાબર? કરો વિગતવાર વાત! કરવી છે?

**પૂર્ણિમાબેન :** હા

**પૂ. મા :** લો. આવો ત્યારે સ્ટેજ પર! હું ઉતરી જાઉં?

**પૂર્ણિમાબેન :** ના, અહીંયાથી જ કરું.

**પૂ. મા :** ત્યાંથી જ કરો. સીરીયસ છો? (પૂર્ણિમાબેન ધીમેથી બોલતાં હોવાથી કહે છે)

**પૂર્ણિમાબેન :** ના.

**પૂ. મા :** કરો. કરો.

**પૂર્ણિમાબેન :** હમણાં ગઇ નવરાત્રીમાં મને એક બહુ ભયંકર માંદગી આવી'તી. અને એ માંદગીમાંથી કોઇ પણ રીતે ઉગરી શકાય એવા ઉપાય છેલ્લે સુધી બચ્યા નહોતા. એટલે બધા જ પ્રકારની દવાઓ, ઔષધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, હોસ્પિટલ સુધીનો. પણ એ બિમારીમાંથી ઉગરી શકું તેવી કોઇ શક્યતા નહોતી લાગતી. એટલે મારા નાનાભાઇને એવું લાગ્યું કે હવે આ જેની છોકરી છે એને સોંપીએ. એટલે પ્રભુનાં ચરણ અને માના ચરણ, ગંગાજળથી એનું પ્રક્ષાલન કરવામાં આવ્યું

અને પ્રભુની ભસ્મની ડબ્બીમાંથી ચપટી ભસ્મ લીધી અને એ ગંગાજળનાં ગ્લાસમાં એણે નાંખી, છેલ્લી ઔષધિ તરીકે એ દવા મને આપવામાં આવી. અને ખરેખર, એ જે માંદગીની ભયંકરતા હતી, એ જે ઔષધિ લીધા પછી દશ જ મિનિટમાં શાંત થઇ ગઇ. એટલે મારો એ પ્રત્યક્ષ અનુભવ છે, ગંગાજીનો ને મા–પ્રભુની કૃપાનો.

**પૂ. મા :** અને ભવતારિણી પણ છે જ ને! ગંગાકિનારે બેઠા બેઠા આપણે કોઇના ખૂન કરવાના વિચાર તો કરતા જ નથી ને! કોઇને પાડી નાંખવાના કે કોઇને મારી નાંખવાના પણ વિચારો કરતા નથી. સાત્ત્વિક વિચારો જ કરીએ છીએ. સત્સંગ, ધૂન, ભજન, સાત્ત્વિક કામો કરીએ છીએ. તો એ ભવસાગર તરવા માટેનાં એ બધાં કામો જ કરીએ છીએને! ધીરે ધીરે એના જ પગથિયાં ચડીએ છીએને! ઘરની આસક્તિ ઓછી થઇ જાય, સંસારનું બંધન અહીં નડતું નથી અને સતત સાત્ત્વિક વાતાવરણ આપણા મનને મળ્યા કરે છે. એટલે ભવતારિણી એ દૃષ્ટિએ છે. સત્સંગ સાંભળી સાંભળીને માનવ જાગે અને જાગેલો માનવ કદી ઊંઘી ના જાય અને ભવસાગર તરવા માટેના પ્રયત્નો કર્યા કરે.

### તા. ૧૮–૫–૯૪ નાં રોજની પ્રશ્નોત્તરી

**પ્રશ્ન :** ક્રોધ બહુ આવે છે. શું કરવું?

**પૂ. મા :** ક્રોધ બહુ આવે છે શું કરવું?... (ગાતા ગાતા ઢાળમાં.) ઘરમાં બધાને કહી રાખવું કે જ્યારે હું ક્રોધે ભરાઉં ત્યારે ઠંડા પાણીનો લોટો મારા માથા પર રેડે. અથવા આપણે જાતે બાથરૂમમાં નળ ખોલીને સ્નાન માટે બેસી જવું, અથવા એ



સ્થાન છોડી દેવું. અથવા મોઢામાં લોકીટ કે એવું કાંઇ હોય તે મોઢામાં મૂકી દેવું, બોલવાનું બંધ થઇ જાય. અપેક્ષા રાખીએ છીએ એટલે ક્રોધ આવે છે. આપણા કોઇ ગુલામ નથી કે આપણે તેની પાસે અપેક્ષા રાખીએ કે મારું આ કામ કેમ નથી કરતા? કોપાયમાન થઇ જઇએ છીએ. તમને સમજાઇ ગયું?

**પ્રશ્ન :** તમે આટલી કૃપા વરસાવો છો છતાંય (અમે) અજાણ કેમ? અને જાગૃતિ લાવવા શું કરવું?

**પૂ. મા :** "આપનો આટલો સતત સત્સંગ પછી પણ આ જીવની જડતા, અજ્ઞાનતા કે ઊંઘ કેમ જતી નથી? એ દૂર થાય તેવી કૃપા કરશો?"–સતત સત્સંગ પછી પણ ઊંઘ જતી નથી એનું કારણ તો કદાચ શરીર થાકેલું હોય. બહુ મન હોય છતાં ઝોકું આવી જાય. અને કપડું ઘણું ગંદુ હોય તો બે ચાર વાર ધોવું પડે. વારેવારે સાબુ લગાડીએ તો પણ ન જાય, ટીનોપોલમાં બોળીએ તો પણ ના જાય. પાછા બેચાર વાર પહેરીએ ત્યારે પેલો ડાઘ જતો રહે. એટલે એક શરીર ઉપરના સામાન્ય કપડા ઉપર આપણને આટલી બધી મહેનત પડે છે તો જન્મોજન્મ આપણા મન ઉપર સંસ્કારો પડયા, સારા કે ખરાબ, કુટેવો કે વિચારો, તેને સાફ કરતાં મહેનત તો પડે ને! ઘણી મહેનત પડે છે. એટલે કહ્યું કે વારેવારે સત્સંગ કર્યા કરો. નોળીવેલ સૂંઘ્યા કરજો જેથી સાપ સામે લડવાની હિંમત શક્તિ આપ્યા કરે. એટલે પૂરતી ઊંઘ લઇને સત્સંગમાં બેસવું. અને એકવાર રસ જાગી જશે પછી ઊંઘ નહીં આવે. જે નવા પરણેલા હોય એને જેમ શરૂઆતનાં દિવસોમાં ઊંઘ ઉડી જતી હોય છે. એટલો બધો પ્રેમ એકબીજા પ્રત્યે, એટલું બધું આકર્ષણ! તો એવું જ આકર્ષણ ભગવાન માટે જાગી જાય તો દિવસો સુધી જીવ ઊંઘ્યા વગર, પલક પણ પાડયા વિના,

સતત ભગવાનને પોકારે. અમારાં સુરેખાબેન છે એમણે જોયું છે અમારું કોટયાર્કનગર અમારું જીવન, કે રાતની રાત અમે મહાત્માજીના પત્રો વાંચી સંભળાવતાં, ભજનો લખાતાં તે વાંચી સંભળાવતાં અને કશું જ ના થતું. ને બધા સાથે બેસીને ધૂનો પણ ગાતાં. મને લાગે છે કે દમયંતીબેન પણ એકાદવાર આવ્યાં હશે. એટલે પ્રેમ જો જાગી જાય ભગવાન પ્રત્યેનો, તો ઉજાગરા પણ નડતા નથી, થાક પણ લાગતો નથી, આળસ પણ આવતી નથી, ઊંઘ પણ આવતી નથી. પ્રેમ જાગી જવો જોઈએ અને જાગી ગયેલા પ્રેમને સાચવવાનો ને વધારવાનો એ આપણા હાથમાં છે. એટલે હજી પણ મેલ રહી જાય છે, આળસ રહી જાય છે, ઊંઘ રહી જાય છે તો એને માટે વધારે ને વધારે સત્સંગની જરૂર છે. એમ આપણે આપણું માપ કાઢી લેવાનું. કોઇ એમ કહે કે ઓહોહો, બહુ થયો સત્સંગ, બેચાર દિવસનો! તો આપણે, ના કહેવું જોઇએ કે "તમારે માટે એ પૂરતો હશે, અમારે માટે કદાચ એ જરૂરી છે માટે અમારે તો જવું જ પડશે." અનિવાર્ય આવશ્યકતા છે. જીવની કાયાપલટ કરવા માટે સત્સંગ જરૂરી છે.

(ક્રમશઃ)

### ચૂંટેલાં પુષ્પો

અંદર બીજું છે અને બહાર સૌમ્ય દેખાવ છે એ મારા જીવનની કરુણતા છે. અંદર અને બહાર જૂદું ચાલે છે. મેળ નથી એટલે શાંતિ નથી. મનની સૃષ્ટિ નિર્મળ હોત, બહાર બતાવી શકાય એવી હોત, કપટ અને બૂરાઇ વિનાની હોત તો કેટલી શાંતિ થાત? પણ ઢોંગ છે, નાટક છે, જૂઠાણું છે. એટલે પછી દિલમાં તંગી છે. સંઘર્ષણ છે, બેચેની છે.



# પ્રેરક પ્રસંગો

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

### મા શારદા અને બાલગોપાલ

એક સમયે મા શારદાને તીર્થયાત્રા કરવાની ઇચ્છા થવાથી ગામડેથી માતુશ્રીને તથા ભાઇઓને બોલાવ્યાં. સૌ સાથે કાશી, વૃંદાવન વગેરે સ્થળોની યાત્રા કરી.

વૃંદાવનથી તેઓ એક પિત્તળની બાલગોપાલની નાની મૂર્તિ લાવ્યાં હતાં. એમના ઓરડામાં એ મૂર્તિ પડી હતી. એક દિવસ માતાજી સૂતાં હતાં ત્યારે જોયું કે બાલગોપાલ ઘૂંટણિયે ચાલતા માતાજીના ખાટલા પાસે આવ્યા ને કહ્યું, "તમે મને લાવ્યાં છો તો હવે ખાવાનું આપો ને પૂજા કરો. જો તમે પૂજા નહીં કરો તો કોઇ નહીં કરે." માતાજીએ તરત જ ઊઠી બાલગોપાલને બહાર કાઢીને શ્રી રામકૃષ્ણની છબી પાસે રાખી પુષ્પાંજલિ દઇ તેમની પૂજા કરી. ત્યારથી બાલગોપાલની પૂજા થવા માંડી

### અસીમ ભક્તિભાવ

રામાયણના એક પ્રસંગમાં ઇન્દ્રજિતનો વધ કરવા માટે ભગવાન રામજી તૈયાર થયા ત્યારે વિભીષણે તેમને તેમ કરતાં અટકાવી કહ્યું, 'હે મહારાજ! જેણે બાર વરસ સુધી નિંદ્રા તથા આહારનો ત્યાગ કર્યો હોય, તેના હાથે જ ઇન્દ્રજિત મરી શકે એવું એને વરદાન મળેલું છે. માટે તમે લક્ષ્મણને જ યુદ્ધ કરવા મોકલો. કારણ કે લક્ષ્મણે બાર વરસ સુધી આહાર અને નિંદ્રાનો ત્યાગ કર્યો છે.

એ સાંભળી આશ્ચર્ય પામેલા રામચંદ્ર લક્ષ્મણને તેમ કરવાનું કારણ પૂછે છે. ત્યારે લક્ષ્મણે કારણ બતાવતાં જણાવ્યું, 'મહારાજ, પંચવટીમાં એક રાત્રિએ મને એવું સ્વપ્ન આવ્યું હતું કે જાણે મારો હાથ સીતાને અડક્યો છે. તે મહાપાતક થયું માનીને તેનું પ્રાયશ્ચિત્ત કરવા મેં તે દિવસથી આહાર, નિંદ્રાનો ત્યાગ કર્યો છે. માતા સીતાજી અને ભગવાન રામચંદ્રજીના આ અસીમ ભાવ દર્શાવનારા પ્રસંગમાંથી ભાઈ–ભાભી પ્રત્યે કેવો સદ્‌ભાવ રાખવો તેનો સંકેત કરી જાય છે.

## રોડીદાસ મહારાજની પ્રતિજ્ઞા

ઉદયપુરના રાજમાર્ગ પર એક અભિગ્રહધારી તપસ્વી સાધક હાથમાં ઝોળી લઈને ચાલ્યા જતા હતા. હંમેશ આ રીતે ઝોળીમાં પોતાના પાત્રને લઈને નિયમિત સમયે નીકળી પડતા હતા અને સર્વત્ર ફરી ફરીને પાછા એ જ હાલતમાં આહાર વહોર્યા વગર પોતાના સ્થાન પર પાછા ફરતા હતા.

આ રીતે નિરાહાર રહેતાં તેમને ૪૪ દિવસો પસાર થઈ ચૂક્યા હતા. આજે ૪૫ મો દિવસ હતો. જ્યાં એક દિવસ પણ આહાર વગર રહેવું મુશ્કેલ બની જાય છે ત્યાં આ મહાન તપસ્વી પોતાના જીવનને હોડમાં મૂકી કર્મો સાથે યુદ્ધ ખેલી રહ્યા હતા.

મુનિ આહાર માટે શાંત મુદ્રાથી આગળ વધતા મુખ્ય રાજ-માર્ગ પર આવ્યા હતા. એ જ વખતે મહારાણાનો એક હાથી મસ્ત બનેલો અને બંધન તોડીને મહેલમાંથી બહાર ભાગી નીકળ્યો.

રાજ્યના સિપાહીઓ બૂમો પાડતા તેની પાછળ દોડી રહ્યા હતા, અને હાથીથી સાવધાન રહેવાનું જનતાને સૂચવતા હતા.



હાથી ગર્જના કરતો શહેરમાં ઘૂમી રહ્યો હતો. જોતજોતામાં આખો રાજમાર્ગ બિલકુલ સુનકાર થઈ ગયો.

જે માર્ગ પરથી હાથી દોડતો દોડતો જઈ રહ્યો હતો તે જ માર્ગ પર સામેથી મુનિ પણ આવી રહ્યા હતા. સિપાહીઓએ મુનિને આગળ વધતા રોક્યા પણ મુનિએ તેમની વાત પર ધ્યાન ન આપ્યું. જોતજોતામાં બંને એકબીજાની સમીપમાં આવી રહ્યા.

લોકો પોતપોતાના મકાનોની બારીઓમાંથી આ ભયાનક દૃશ્ય જોઈ રહ્યા હતા, ઉદયપુરની જનતા સમજી કે, બસ હવે મુનિનો જીવ બચવો મુશ્કેલ છે. હાથી મુનિને પોતાના પગ નીચે કચડી નાખશે; પરંતુ બન્યું કંઈક બીજું જ, કે જેની કલ્પના જ ન કરી શકાય.

જે હાથી મદમસ્ત બનીને ભયંકર ગર્જના કરતો દોડી રહ્યો હતો તે હાથી મુનિને પોતાની સામે આવતા જોઈને બિલકુલ ધીમો પડી ગયો. અહીંતહીં નજર નાંખતો તે આગળ વધ્યો પરંતુ તેનો મદ કોણ જાણે ક્યાંય ચાલ્યો ગયો હતો.

મુનિ પોતાની ચાલે ચાલ્યા આવતા હતા. હાથી એક કંદોઈની દુકાન સામે આવીને ઊભો રહ્યો. હલવાઈ ભયનો માર્યો દુકાનની અંદર પેસી ગયો. ત્યાં સુધીમાં મુનિ હાથીની પાસે આવી ગયા હતા. હાથીએ પોતાની સૂંઢ વડે કંદોઈની લાડુ ભરેલી ટોપલી ઉપાડી અને મુનિની સામે ધરી દીધી.

મુનિએ પણ પોતાનો અભિગ્રહ પૂરો થતો જાણ્યો ત્યારે તેમણે ઝોળીમાંથી પાત્ર બહાર કાઢ્યું અને હાથીની સામે ધરી રાખ્યું. હાથીએ એ પાત્રમાં લાડુ નાંખ્યા.

મુનિએ પોતાની ઝોળી ઉપાડી અને હાથી તરફ હાથનો

ઇસારો કરી પોતાના સ્થાન તરફ જવા ચાલી નીકળ્યા. કેટલીક વાર સુધી હાથી મુનિ તરફ જોઇ રહ્યો અને પછી તે મહેલ તરફ પાછો ગયો. આ હતા મુનિશ્રી રોડીદાસજી મહારાજ જેઓ એક દિવસ પોતાના પ્રાણને શરતમાં મૂકી એવી પ્રતિજ્ઞા કરી બેઠા હતા કે, જો મહારાણાનો હાથી પોતાની સૂંઢથી આહાર વહોરાવે તો મારે આહાર ગ્રહણ કરવો. નહિ તો ૬૦ દિવસ સુધી હું નિરાહાર રહીશ.

કહે છે કે તેમનો આ મહાન અભિગ્રહ ૪૫ મે દિવસે પૂર્ણ થયો હતો. ધન્ય છે મુનિને અને ધન્ય છે તેમની સાધનાને.

**કાલ કોણે દીઠી છે?**

'એક દિવસ ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન લેવા ગયા. ધર્મરાજા કોઇ અગત્યના કાર્યમાં વ્યસ્ત હશે, તેથી યાચકને બીજે દિવસે આવવા કહ્યું. ભીમસેને આ સાંભળ્યું. એમણે એકદમ વિજય દુદુંભી વગાડવા માંડી. બધાને આશ્ચર્ય થયું. વિજય દુદુંભી તો વિજય થયો હોય ત્યારે જ વગાડાય કોઇ લડાઇની કે, વિજયની વાત તો હતી નહિ. તો પછી ભીમસેન આજે વિજય દુદુંભી શાના વગાડે છે?

સૌ પૂછવા લાગ્યા, 'ભીમસેનજી! વિજય દુદુંભી કેમ વગાડો છો? કયો વિજય થયો છે?

ભીમસેને કહ્યું, 'આજે મોટાભાઇએ કાળ ઉપર વિજય મેળવ્યો. મોટાભાઇને ખાતરી છે કે, આવતીકાલ સુધી તો કાળ તેમને સ્પર્શ કરી શકે તેમ નથી. આવતીકાલ સુધી તેઓ જીવવાના જ છે. એટલે એમણે કાળ ઉપર વિજય મેળવ્યો છે. તેથી હું દુદુંભી વગાડું છું.'



ધર્મરાજા ભીમસેનનો કટાક્ષ પામી ગયા. તેમને પોતાની ભૂલ સમજાઇ. કાલ કોણે દીઠી છે? યાચકને પાછો બોલાવીને દાન આપવામાં આવ્યું.

**शुभस्य शिघ्रम्।** સત્કર્મને કદાપિ મુલતવી ન રાખો.

સત્કર્મ તરત જ કરો. તેમાં થોડો પણ વિલંબ ન કરો.

**મનનો મેલ કેમ ધોવો?**

મહાત્મા રામાનુજાચાર્ય શારીરિક દુર્બળતાને કારણે લોકોનો સહારો લઇને નદીમાં સ્નાન કરવા જતા. જતી વખતે બ્રાહ્મણનો ટેકો લઇને જતા અને આવતી વખતે શૂદ્રના ખભે હાથ મૂકીને આવતા. લોકોએ આશ્ચર્ય સાથે પૂછ્યું, 'ભગવાન! શૂદ્રનો ટેકો લેવાથી તો આપ અપવિત્ર થઇ જાઓ છો. પછી સ્નાન કરવાનો શું અર્થ?'

આચાર્યજી હસ્યા. તેમણે કહ્યું, 'સ્નાન કરવાથી તો ફક્ત મારો દેહ જ શુદ્ધ થાય છે. મનનો મેલ તો અહંકાર છે. જ્યાં સુધી મનુષ્યમાં અહંકાર રહે છે ત્યાં સુધી તેને મનનો મેલો જ કહેવો જોઇએ. હું શૂદ્રનો સ્પર્શ કરીને મારા મનની મલિનતા ધોઉં છું. હું કોઇથી મોટો નથી. બધાં મારા કરતાં મોટાં છે. શૂદ્ર પણ મારાથી શ્રેષ્ઠ છે. આ ભાવનાને સ્થિર કરવા માટે હું શૂદ્રનો સહારો લેતો રહું છું.'

**દેહ અને આત્મા**

એક વાર શ્રીમદ્ રાજચંદ્રનો બોધ સાંભળવા કાવિઠા ગામના વિદ્યાર્થીઓ આવ્યા હતા.

રાજચંદ્રે તેઓને પૂછ્યું, 'બાળકો, મારો પ્રશ્ન છે કે તમે તમારા એક હાથમાં છાશનો લોટો અને બીજા હાથમાં ઘીનો લોટો

લઈ જતા હો અને તમને રસ્તે જતે કોઈનો ધક્કો વાગે તો તમે કયા લોટાને સંભાળશો?'

એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો, 'ઘીનો લોટો જાળવીશું.'

રાજચંદ્રે પૂછ્યું, 'કેમ? ઘી અને છાશ એક જ પદાર્થમાંથી ઉત્પન્ન થયાં છે ને?'

વિદ્યાર્થીએ ઉત્તર આપ્યો, 'છાશ ઢોળાઈ જાય તો ઘણાયે ભરી આપે, પરંતુ ઘીનો લોટો કોઈ પાછો ભરી ન આપે.'

એ સાંભળી ત્યાં એકઠા થયેલા જિજ્ઞાસુઓને સાર સમજાવતાં શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું, 'છાશના જેવો આ દેહ છે. તેને જીવ સાચવ સાચવ કરે છે. ત્યારે આત્મા ઘી જેવો છે. એને જતો કરે છે. અવળી સમજ છે. જો આત્માને ઘી તુલ્ય મૂલ્યવાન સમજો તો આત્માને સાચવવો જોઈએ. આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરવો જોઈએ, કારણ કે દેહ તો એની મેળે જ મળવાનો છે. કર્મ ઉપાર્જન થયાં એટલે તે ભોગવવા દેહ તો મફત જ મળવાનો છે!'

## ચૂંટેલાં પુષ્પો

પરમાત્મા પર વિશ્વાસ રાખો. પવિત્ર સદ્ગ્રંથો અને ડાહ્યા પુરુષોના વચનમાં શ્રદ્ધા રાખો. તમારી જાત પર વિશ્વાસ રાખો. પ્રભુની કૃપામાં અને એના દિવ્ય નામની શક્તિમાં શ્રદ્ધા રાખો. શંકા વગરની શ્રદ્ધા અદ્ભુત કામ કરે છે.



# હરિ ભાગ્ય ઉઘાડે, કોનું ક્યારે રે!

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પોતાની સ્વાનુભૂતિના આધારે એક ભજન લખ્યું છે, એના શબ્દો છેઃ—

'હરિ ભાગ્ય ઉઘાડે, કોનું ક્યારે રે!
કોણ જાણે એ...

આ વાત હમણાં એક મા—પ્રભુથી તદ્દન અપરિચિત વ્યક્તિના જીવનમાં સત્ય ઘટના બની રહી. તે ભાઈનું નામ છે શ્રી પોપટભાઈ જે. સચાણિયા (મિસ્ત્રી). જૂનાગઢના વતની અને રેલ્વેમાં નોકરી કરે. થોડા જે સમય પહેલાં ઉમ્મર થતાં નોકરીમાંથી નિવૃત્ત થયા છે.

તેમનો એક પુત્ર રાજેન્દ્રભાઈ એનું નામ. તેની ઉમ્મર ૨૧ વર્ષની. વડોદરામાં રહી તે સિવિલ એન્જીનિયરીંગમાં ભણે. ભણવામાં હોંશિયાર પણ ખરો. એટલે સામાન્ય આર્થિક સ્થિતિના પરિવારને કેટકેટલી આશાઓ હોય કે હવે પુત્ર ભણીને ઠેકાણે પડશે, કુટુમ્બનો ભાર વહન કરશે. એને પરણાવીશું. કેવાં કેવાં સ્વપ્નો મા—બાપ આવા આશાસ્પદ યુવાન માટે સેવતાં હોય! એ તો હર પરિવારની વાત જેવું જ છે.

પરંતુ કહ્યું છે કે માણસ વિચારે કંઈ અને ભાગ્ય કરે કંઈ! એવું જ શ્રી પોપટભાઈના જીવનમાં પણ બન્યું. એમનો આ પુત્ર રાજેન્દ્રને વડોદરામાં નવેમ્બર માસમાં તાવ આવ્યો. તાવ તો ઘણા માણસોને અવારનવાર નથી આવી જતો! પરંતુ આ ઝેરી

મેલેરિયા હતો. પરિણામે માત્ર ત્રણેક દિવસની ટૂંકી માંદગીમાં જ દાક્તરો કંઇ નિદાન કરી ઉપચાર કરી શકે તે પહેલાં જ તેનો સ્વર્ગ–વાસ થઇ ગયો! પરિવાર માથે જાણે આભ તૂટી પડયું, એવો આઘાત થયો. એ આઘાતની પીડા કેવી અસહ્યય હોય છે, તે તો જેણે એવા ઘા ખમ્યા હોય તેજ જાણે.

શ્રી પોપટભાઇ અને એમનાં પત્નીની પણ આવી જ હાલત થઇ. તેઓના સમગ્ર જીવનમાં શોક છવાઇ ગયો. જીવન જીવવાનો સહારો આમ અચાનક છીનવાઇ ગયો, તેથી જીવનમાંથી રસકસ અને આનંદઉમંગ પણ છીનવાઇ ગયાં. જીવતાં રહ્યાં, કારણ એમ મરી જવાતું નથી એટલે જ. શેષ જીવન જીવવાની મઝા જ જાણે મારી ગઇ!

ત્યાં મહિના પહેલાં એક દિવસ એક આકસ્મિક ઘટના બની. શ્રી પોપટભાઇ વડોદરા તેમની પુત્રીને ત્યાં આવેલા. ત્યાંથી તેઓ પાછા જૂનાગઢ જઇ રહ્યા હતા. સાથે તેમની પરિણિત પુત્રી પણ હતી. વડોદરાથી ઇન્ટરસીટીમાં અમદાવાદ થઇ જૂનાગઢ જવું હતું. પરંતુ દૈવયોગે એવું થયું કે તે દિવસે નડિયાદ પાસે માલગાડીના કેટલાક ડબા ખડી ગયેલા. એટલે રેલ્વે માર્ગ રુંધાઇ ગયેલો. ગાડી ત્યાં રોકાઇ ગઇ! હવે શું થાય? છેવટે જાહેરાત થઇ કે ગાડી પાછી વડોદરા જઇ રહી છે. એટલે ફરી પાછા લોકો ટ્રેઇનના ડબાઓમાં ગોઠવાઇ ગયા.

આ વખતે એવું બન્યું કે આ જ ગાડીમાં મોરબીના સાધક શ્રી હરિભાઇ ભોજાણી અને તેમનાં પત્ની મંજુલાબેન પણ અમદાવાદ થઇ મોરબી જઇ રહ્યાં હતાં. તેઓને પણ પાછું ફરવું પડયું. તેઓ જે ડબામાં શ્રી પોપટભાઇ અને એમની પુત્રી બેઠેલાં હતાં, તે જ ડબામાં તેમની બાજુમાં જ સીટ ઉપર આવીને બેઠાં.



પછી તો સહપ્રવાસી તરીકે વાતો થાય તેમ થવા લાગી. શ્રી પોપટભાઇનાં જીવનમાં ઘટી ગયેલ કરુણ ઘટના જાણી શ્રી ભોજાણીભાઇએ આશ્વાસન આપ્યું. સાન્તવન ધર્યું. અને પછી ઉમેર્યું, 'પોપટભાઇ, તમે મનથી ખૂબ દુઃખી છો. એક કામ કરો. તા. ૧૬–૧૭ જાન્યુ, '૯૫ ના રોજ અમારાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો કપુરામાં સત્સંગનો કાર્યક્રમ છે. તમે તેમાં જરૂરથી આવો. અમારાં માના સાન્નિધ્યમાં તમને જરૂર શાન્તિ મળશે. તમારું દુઃખ હળવું થશે.' એમ કહી તેઓએ પ. પૂ. યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીનો પરિચય આપી થોડી વાતો કરી. ત્યાં તો વડોદરા આવી ગયું. એટલે છૂટા પડવાની ઘડી આવી. પ્લેટફોર્મમાંથી બહાર નીકળતાં શ્રી પોપટભાઇએ સહજભાવે પૂછ્યું, 'પણ આ કપૂરા આવ્યું ક્યાં?'

'સુરતથી વ્યારા આવવાનું ને ત્યાંથી કપૂરા અવાય. પાસે જ છે.' બસ. વાત અહીં પૂરી થઇ. બન્ને છૂટા પડી પોતપોતાના સ્થાને ગયાં.

તા. ૧૪ જાન્યુ, '૯૫ એટલે ઉતરાણનું પર્વ. શ્રી પોપટભાઇ પોતાની પુત્રીને વડોદરા મૂકવા આવ્યા. એક દિવસ રહી પાછા જઇ રહ્યા હતા, ત્યાં તેમની પુત્રીએ કહ્યું, 'બાપુજી, તમારે ઘરે જવાની શી ઉતાવળ છે? પેલા ભાઇએ કહેલું કે કપૂરા આવજો. તો ત્યાં સત્સંગમાં જઇ જાવોને. તમને થોડી શાન્તિ મળશે.'

'બેટા, તારી વાત સાચી. પરંતુ ત્યાં આપણને કોણ ઓળખે? વળી હું તો કદી સત્સંગોમાં ગયો જ નથી. એટલે ત્યાં ક્યાં રહેવાનું તે પણ ખબર નથી. વળી, હું તો ત્યાં કોઇને ઓળખતો નથી. એટલે એમ સાવ અજાણ્યા ગામડામાં અજાણ્યા માણસો વચ્ચે શી રીતે જવાય?'

પુત્રીને પણ લાગ્યું કે બાપુજીની વાત છે સાચી. છતાં કોણ જાણે કેમ પણ તેણે આગ્રહ કર્યે રાખ્યો. આથી શ્રી પોપટભાઇ સંમત થઇ ગયા અને તા. ૧૬ જાન્યુ.ના રોજ સવારે સુરત આવી ગયા. પરંતુ દૈવસંજોગે—વ્યારા આવવા માટેનો હાવરા મેલ તે દિવસે રદ થયાની જાહેરાત થઇ. હવે વ્યારા કેમ જવું તેની વિમાસણ થઇ, ત્યાં તપાસ કરતાં કોઇએ કહ્યું, 'આ સ્ટેશનની નજીક જ એસ. ટી. સ્ટેન્ડ છે. ત્યાંથી વ્યારાની બસ મળી જશે.' એટલે બસ પકડી વ્યારા બપોરે આવી ગયા! પરંતુ વ્યારાથી કપૂરાની કોઇ બસ નહિ એટલે ફરી વિમાસણ ઊભી થઇ! ઘડીભર મનમાં થયું કે કાંઇ જવું નથી. ચાલ પાછો જાઉં. ત્યાં એક મેટાડોર આવીને પાસે ઊભું. તે ઉનાઇ માતાએ જતું હતું. પૂછતાં ખબર પડી કે કપૂરા પહેલું જ આવે. એટલે વિનંતિ કરી, 'મને કપૂરા સુધી લઇ જાઓ તો સારું.'

'પણ ગાડીમાં જગા નથી. કેમ લઇ જઇએ?' ડ્રાયવરે કહ્યું.

શ્રી પોપટભાઇએ ફરી વિનંતિ કરી—'પગ આગળ બેસીશ પણ કપૂરા લઇ જાઓ તો સારું.' આ શબ્દોથી ડ્રાયવરનું દિલ પીગળ્યું ને શ્રી પોપટભાઇ કપૂરા તો પહોંચી ગયા. મનમાં ને મનમાં પ્રભુનો આભાર માની લીધો. થોડી ધાર્મિકવૃત્તિ એટલે.

કપૂરા ઉતરીને હવે પૂ. મા સર્વેશ્વરીને શોધવાં ક્યાં? એમ વિચારતા હતા. એટલામાં નજીકમાં જ કોઇ કાર્યક્રમ ચાલી રહ્યો હોય તેવો અવાજ સાંભળી કુતૂહલથી તે જોવા ગયા. તો ત્યાં શ્રી ભોજાણીભાઇ જ દેખાણા. તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરી. (તેમનો ફોટો શ્રી ભોજાણીભાઇએ તેમને ગાડીમાં બતાવેલ). તેમને એકદમ આનંદ થઇ ગયો.



પછી તો તે ભાઇ પૂ. માના ભાઇના આંબાવાડિયામાં અમને મળ્યા. શ્રી ભોજાણીભાઇએ અમારો એમને પરિચય આપ્યો. પછી ઉમેર્યું, 'એમના જીવનમાં પણ તમારા જીવનની જેમ યુવાન પુત્રીના અકસ્માતમાં મૃત્યુનો આઘાત અનુભવાયો છે. એટલે તેઓ તમારું દુઃખ સારી રીતે સમજી શકશે.'

અમે શ્રી પોપટભાઇની બધી વાત સાંભળી. એક સમભાવી જેમ દુઃખ અનુભવ્યું. સમભાવ પ્રદર્શિત કરી, સાન્તવન આપ્યું, વ્યથિત દિલને આવા સહાનુભૂતિના થોડા શબ્દોએ સાન્તવન આપી જાય. ઘા ઉપર મલમપટ્ટીનું કામ કરી જાય.

પછી તો અમે સાથે જમવા બેઠા. ત્યાં અચાનક તાપસભાઇ એ ભાઇને બોલાવવા આવ્યો. અમને અને એ ભાઇને નવાઇ લાગી! વગર ઓળખાણે પૂ. મા એમને આમ એકાએક બોલાવે એ માનવામાં ન આવે એવી વાત હતી. પરંતુ અમારામાં જૂનાગઢવાળા એ એક જ ભાઇ હતા. પૂ. માએ જૂનાગઢવાળા નવા ભાઇને જ બોલાવી લાવવા કહેલું. એટલે તેઓ તો ગયા.

અમે જમી પરવારી અમારા ઉતારા ઉપર જતા હતા ત્યાં રસ્તામાં તે ભાઇ સામે મળ્યા. તેમના હાથમાં એક પ્લાસ્ટીકની થેલી હતી. અમને જોઇ તે એકદમ ઊભા રહી ગયા. પછી બોલ્યા, 'પૂ. માએ મને ખૂબ આશ્વાસન આપ્યું, ધીરજ આપી અને આ પ્રસાદ પણ આપ્યો. ભજનોની કેસેટનું બોક્સ, બદામ અને કેટલાંક પુસ્તકો. પૂ. માનો પ્રેમ આવો હોઇ શકે એની તો મને કલ્પના જ નહિ. હું તો આ અગાઉ કદી કોઇ સંતપુરુષ પાસે ગયો જ નથી. તે આવા હોઇ શકે એવી તો મને કલ્પના જ ક્યાંથી આવે! ખરેખર નારણભાઇ હું અહીં આવ્યો તે બહુ સારું થયું મને ઘણી શાન્તિ થઇ. પૂ. માએ મારા ઉપર ઘણી કૃપા વરસાવી.'

આટલું બોલતાં બોલતાં જ એમની આંખોમાં લાગણીનાં આંસુ ઊભરાઇ આવ્યાં. મારા જેવા એક તદ્દન અજાણ્યા દુઃખી માણસ ઉપર પૂ. મા આટલું બધું વહાલ વરસાવશે તેનો મને સ્વપ્નેય ખ્યાલ ન હતો.'

અમે કહ્યું, 'પોપટભાઇ, તમે ભાગ્યશાળી છો. ભગવાને તમને અહીં મોકલી, તમારા ઉપર ઘણી મોટી કૃપા વરસાવી છે. હવે તમે દુઃખી ના થતા. હવે તમને ખાત્રી થઇને કે પૂ. માને મન-પોતાના કે પરાયા જેવું કશું જ નથી. એને મન સહુ સરખાં છે. પરિચિત કે અપરિચિત. એ સહુની મા છે. પરંતુ જે દુઃખી છે-તેની વિશેષ.'

'તમારી વાત સાચી છે. મને આજે એનો પ્રત્યક્ષ પરિચય થઇ ગયો.'

તે પછી તો શ્રી પોપટભાઇ વધુ બે દિવસ રોકાયા. છેલ્લે નીકળતાં પૂ. માએ એમને એક શાલ પણ ઓઢાડી. પૂ. માનો અદ્ભુત પ્રેમભાવ તેઓ માણી રહ્યા. નીકળતાં મને કહે, "નારણભાઇ આ આખું ગામ જ અદ્ભુત છે. અહીં માણસોનો જે પ્રેમભાવ મેં અનુભવ્યો તેવો જીવનમાં ક્યાંય કદી જોયો નથી, અહીંથી જવાનું મન જ ના થાય એવું છે. મારું દુઃખ હું સાવ ભૂલી ગયો છું. પૂ. માએ જીવનમાં મેં કદી ન કલ્પેલું એવું વહાલ વરસાવી મને એમનો ઋણી બનાવી દીધો છે. મારાં પત્નીને પણ આ બધું સાંભળીને ખૂબ આનંદ થશે."

આ સાંભળતાં જ અમારા મુખમાંથી સહજ શબ્દો સરી પડયા, "હરિ ભાગ્ય ઉઘાડે, કોનું ક્યારે રે ! કોઇના જાણે એ."



# પરમ આતિથ્ય ઉત્સવ

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

એકવાર આવો તો ઉત્સવ હંમેશના,
ભૂલે ચૂકે પછી ના છૂટા પડિયે !
હરિ આવો રે, જરી આવો રે,
નેહ નીરખવાનો લ્હાવો લઇએ.

ભારતીય ગૃહસ્થાશ્રમના પાવન આંગણે પ્રભુને પણ આતિથ્ય માણવાનો ઉમંગ થઇ આવે છે. ક્યારે કેવા રૂપે પ્રભુ મળે તે તો કેમ કહેવાય ! અતિથિરૂપે પણ પધારે એટલે તો ભારતીય સંસ્કૃતિએ 'અતિથિ દેવો ભવ' એ ભાવનાને ભારતીય ગૃહસ્થાશ્રમનો પરમવૈભવ ગણ્યો છે. આ આતિથ્ય વૈભવથી ભારતીય ગૃહસ્થાશ્રમ શોભતો આવ્યો છે. આ ગૃહસ્થાશ્રમના આંગણે ફક્ત સામાન્ય અતિથિજ નહીં પરંતુ પરમ અતિથિ પ્રભુ પણ પરમ આતિથ્ય પામતા આવ્યા છે. ભગવાન રામ કેવટનું પરમ આતિથ્ય પામ્યા અને ભગવાન કૃષ્ણે ગોપીઓ અને પાંડવોનો પરમ આતિથ્ય વૈભવ માણ્યો.

આ જ ભવ્ય પરંપરાનો આતિથ્ય ઉત્સવ હમણાં જ શ્રી મધુભાઇ ભટ્ટ અને નીલાબેનના મધુર ગૃહસ્થાશ્રમને આંગણે, એ પણ પરમપ્રભુ પૂ. માના પરમ સાન્નિધ્યે માણ્યો. પ્રભુ આ ગૃહસ્થાશ્રમના આંગણે ક્યારનાય અતિથિરૂપે આવીને વસી ગયા છે. હવે તો આ પરમ અતિથિને નીરખવાનો એવો તો લ્હાવો આવે છે કે ભૂલે ચૂકે પણ છૂટા પડવાની ઇચ્છા થતી નથી.

જ્યારથી પૂ. મા આ ભક્ત દંપતીના જીવનમાં પધાર્યાં ત્યારથી એમનું ઘર ફક્ત ઘર નથી રહ્યું, પણ ગૃહમંદિર બની ગયું છે. અરે, ગોલોકધામ બની ગયું છે, તેમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી! પ્રભુ અને પ્રભુના ભક્તોનું ધામ બની ગયું છે.

શ્રી મધુભાઇના માતાપિતાનો ગૃહસ્થાશ્રમ પ્રેમની નહીં પરંતુ સુદામાની જેમ શ્રેયની સંપત્તિથી સંપન્ન હતો. આતિથ્ય ભાવનાના હાર્દમાં તો પરમપ્રેમ જ રહ્યો છે. મુંબઇમાં સામાન્ય અવસ્થામાં વસતા તેમના અંતરમાં પ્રભુ પ્રત્યેની પરમપ્રેમની સમૃદ્ધિ અકબંધ હતી! આ પરમપ્રેમથી પ્રેરાઇને વર્ષો પહેલાં શ્રી મધુભાઇના માતાપિતા શ્રી હરગોવિંદભાઇ અને શ્રી ડાહીબેનના ગૃહસ્થાશ્રમના આંગણે શ્રી યોગેશ્વરપ્રભુ પધારેલા. પહેલાં પ્રભુને પોતાના જીવનમાં લાવ્યા, પ્રભુકૃપા તો પછી પ્રભુની પાછળ પાછળ સુદામાના જીવનની જેમ આવી. જીવનને પ્રથમ તો પ્રભુના પરમપ્રેમથી સજાવવું પડે છે. એ માટે પ્રેમભર્યો પુરુષાર્થ આદરવો પડે છે. અન્નના સાંસા વચ્ચે પણ પરમપ્રેમને બાથ ભીડીને વળગી રહેવું પડે છે. આ પરમ શ્રદ્ધા અને પુરુષાર્થ શ્રી હરગોવિંદભાઇએ પોતાના જીવનમાં પ્રકટાવ્યાં છે.

માતાપિતાની આતિથ્ય ભાવનાની ઉજ્જ્વળ પરંપરાને શ્રી મધુભાઇ અને નીલાબેને વધુ ઉજ્જ્વળ બનાવી. અંતરના નિર્મળ પ્રેમથી વધુ સમૃદ્ધ બનાવી તો આજે આ પાવન દામ્પત્યના જીવન આંગણે પ્રભુના પ્રતિનિધિ પૂ. મા પધાર્યાં, એટલું જ નહીં પણ ઠરીને ઠામ થયાં.

આશ્ચર્યની વાત તો એ છે કે પ્રભુકૃપાએ ભૌતિક સંપત્તિ તો આવી પરંતુ આજે પણ તેમની પરમપ્રેમની સમૃદ્ધિ આગળ એ



ભૌતિક સમૃદ્ધિ જાણે વામણી લાગે છે! એટલે તો મધુભાઇએ એક વખત કહ્યું પણ ખરું કે પ્રભુ આંખો મીંચીને આપતો હોય તો હું આંખો મીંચીને તેને વાપરવામાં પાછો નહીં પડું! આજે પ્રભુ પણ જોઇ રહ્યા છે કે ખરેખર શ્રી મધુભાઇ પ્રભુના છે, ભૌતિક સંપત્તિના નહીં! એટલે આ ગૃહસ્થાશ્રમમાં આતિથ્ય ફક્ત સંપત્તિનું જ નહીં, પણ શબરીની જેમ પરમપ્રેમનું અધિક છે.

શ્રી મધુભાઇ અને નીલાબેને કદી પણ પ્રભુનું સાક્ષીપણું છોડયું નથી. ભૌતિક સંપત્તિના ભાવઅભાવ વચ્ચે પણ પ્રભુને જરાપણ ચસકવા દીધા નથી! પૂ. માને તેઓએ અંતરથી અપનાવ્યાં છે. પૂ. મા તેમના જીવનકેન્દ્ર બની ગયાં છે! હવે તેઓ બીજા કોઇનાં નહીં, પરંતુ ફક્ત પૂ. માનાં જ બાળકો બની ગયાં છે. જીવનનો વહીવટ પૂ. માના આશીર્વાદથી થાય છે.

શબ્દાર્થ કે ભાવાર્થ, જીવનના બધા જ અર્થમાં પૂ. મા જ સાચા અર્થ બની ગયાં છે. શ્રોફ એટલે પૈસાના વહીવટદાર! પરંતુ વહીવટમાં પણ પૂ. માને જ સાક્ષી રાખ્યાં. પૂ. માની કૃપા પામ્યા. એટલે શ્રોફમાંથી યોગી બન્યા! પૈસાના વહીવટદારમાંથી પૈસાના માલિક બન્યા તોપણ પૂ. મા તો સાથેને સાથે! હવે પૂ. માને જીવનનાં સાક્ષી તરીકે સાથેને સાથે રાખ્યાં એટલે શ્રી રામટાવર્સ પરથી 'આનંદમ્'ની વર્ષા થઇ પડી! યોગીમાંથી 'પરમઆનંદમ્'ની અવસ્થાને પામ્યા તે પણ પૂ. માની પરમકૃપા થકી જ.

ભૌતિકસંપત્તિ તો ઘણાં પામે છે પણ એ સંપત્તિમાંથી વિલાસને બદલે આનંદ તો શ્રી મધુભાઇ જેવા કોઇક જ પ્રભુકૃપાથી પ્રકટાવી શકે! જે આજે આપણે શ્રી મધુભાઇના ગૃહસ્થાશ્રમમાં પ્રકટેલો જોઇ શકીએ છીએ.

શ્રી મધુભાઈનું જીવન જેમ જેમ પસાર થતું જાય છે તેમ તેમ એમના જીવનના તાણાવાણામાં પૂ. મા વણાતાં જાય છે. પૂ. મા પ્રત્યેના પરમભાવનું સાતત્ય તેમણે જરાપણ ખંડિત થવા દીધું નથી. પૂ. માની દૃષ્ટિ સતત આ પરમભાવના પ્રવાહને જોતી રહી છે. શ્રોફમાં રહેતા ત્યારે પરદેશ જતી આવતી વખતે થોડો થોડો સમય પૂ. મા તેમની સાથે રહેતાં. અખંડ પરમભાવનું સાતત્ય જળવાતું ગયું તેમ તેમ પૂ. માનું પરમ સાન્નિધ્ય પણ અધિક ને અધિક સાંપડતું ગયું! ત્યાં સુધી કે 'યોગી એવન્યુ'માં તો પૂ. માનું પરમ સાન્નિધ્ય સતત એક વર્ષ સુધી રહ્યું!

પૂ. માની ભારે આકરી કસોટીમાંથી શ્રી મધુભાઇ અને નીલાબેન પાર ઉતર્યાં! ભાવનો સહેજ પણ અભાવ પૂ. મા સહન કરી શકે નહીં. આવો જરાપણ અભાવ પૂ. મા જ્યાં જુએ ત્યાંથી બીજી જ ઘડીએ ચાલી નીકળે! ભાવ તો પૂ. મા પ્રત્યે ઘણાંને છે, પણ આવો અખંડિત ભાવ તો અત્યાર સુધી શ્રી મધુભાઇ અને નીલાબેન જેવાં કોઇક જ જાળવી શક્યાં છે. પૂ. મા તો સ્વયં પરમશક્તિ છે! તેઓ તો અગ્રાહ્ય છે. તેમને કોઇ બાંધી શકે નહીં! તેઓ તો કૃષ્ણની જેમ અખંડ પ્રેમે જ બંધાય! પ્રેમના બંધન જ તેમને સ્થિર કરી શકે! એટલે આ એક વર્ષનું પૂ. માનું પરમ સાન્નિધ્ય આ દંપતીના અખંડ પરમભાવને આભારી છે. પ્રભુ પ્રેમને વશ છે. તેની વાતો આપણે પ્રભુના ભક્તોના જીવનમાં સાંભળી છે પરંતુ તે અત્યારે આપણે આ ભાવિક દંપતીના જીવનમાં પ્રત્યક્ષ જોઇ રહ્યા છીએ. પૂ. મા પણ પ્રસન્નતાપૂર્વક એક વર્ષથી તેઓનું પ્રેમાતિથ્ય માણતાં રહ્યાં છે.

પૂ. મા પણ એમને એમ પ્રસન્ન નથી થયાં! આ દંપતીના તપથી પ્રસન્ન થયાં છે. સૌથી પ્રથમ તપ તો આજ્ઞાપાલન છે.



તેમણે કોઇ પણ સંજોગોમાં પૂ. માની આજ્ઞાને શિરોધાર્ય ગણી છે. સંસારમાં રહેવા છતાં સંસારના કોઇ વ્યવહારનું બહાનું આજ્ઞા-પાલનની વિરુદ્ધમાં ક્યારેય ધર્યું નથી. શ્રી મધુભાઇ તો બૅંકમાં સર્વીસ કરે છે તેથી વારંવાર ઉપરાઉપરી રજાઓ લેવી પડી છે છતાં રજાઓનું બહાનું તેમણે આજ્ઞાપાલન વિરુદ્ધ આપ્યું નથી.

માર્ચ, '૯૪ ના પહેલા અઠવાડિયામાં તો શ્રી મધુભાઇ અને નીલાબેન પૂ. મા સાથે સૌરાષ્ટ્રની યાત્રાએ હતાં એ પહેલાં પણ ભાવનગર અને મેસવાણ આવ્યાં હતાં. માર્ચના બીજા અઠ-વાડિયામાં તો છેક હરિદ્વાર જવાનું થયું તો ત્યાં પણ પૂ. માની સાથે જ છેક મુંબઇથી આવ્યા. પૂ. મા તો હરિદ્વાર ત્રણ માસ રોકાયાં ને ફરીથી પૂ. માને મુંબઇ જવાનું થયું તો ફરીથી પૂ. માને લેવા મુંબઇથી આવ્યા અને ગયા! વળી થોડા સમયમાં પરદેશના ભક્તો સાથે રામેશ્વરની યાત્રામાં પણ ગયા ત્યારપછી ચોમાસામાં મહાબળેશ્વર, આલંદી, પૂના અને દેહુની યાત્રા થઇ તો તેમાં પણ સ્વેચ્છાથી જોડાયા! આ બધી જ યાત્રાઓ પાંચેક માસના ગાળા-માં થતી રહી. તેમણે ક્યારેય સમય, વ્યવહાર કે રજાઓનું બહાનું બતાવ્યું નથી.

આજ્ઞાપાલન તો ઘણી મોટી તપશ્ચર્યા છે. પાળી બતાવ્યા સિવાય એ આકરા વ્રતનો ખ્યાલ નહીં આવે. વળી આ આજ્ઞાઓ ફક્ત શ્રી મધુભાઇએ જ પાળવાની નથી હોતી, શ્રી નીલાબેન અને આનંદસહિત સમગ્ર પરિવાર ખડે પગે રહે છે. ઉપરની બધી યાત્રાઓમાં પૂ. મા સાથે ઘર બંધ કરીને નીકળી પડયા છે. પૂ. માનો પડયો બોલ ઝીલવામાં ક્યારેય પાછી પાની કરી નથી. એ માટે સમય કે શરીરનો ગમે તેટલો ભોગ આપવા તેઓ હંમેશાં તત્પર રહ્યાં છે.

આ પરિવારનું બીજું તપ છે શિસ્ત અને જાગૃતિ! પૂ. માનું દેવદુર્લભ સાન્નિધ્ય આકરી તપશ્ચર્યા સિવાય પામી શકાતું નથી. પૂ. માનું સાન્નિધ્ય એટલે પ્રકટ પરમશક્તિનું સાક્ષાત્ સાન્નિધ્ય! તેથી પરિવારે ઘરમાં પવિત્રતા અને શાંતિ અખંડપણે જાળવવાં પડે છે. સ્વચ્છતા અને વ્યવસ્થા ઊડીને આંખે વળગે તેવી જળવાય છે. બધું જ સ્વચ્છ, સુંદર અને વ્યવસ્થિત. અહીં નવ વાગ્યે ઊઠી શકાતું નથી. ગમે તેવું વાંચન વંચાતું નથી, વ્યસનોનું વળગણ ચલાવી લેવાતું નથી. આળસ, બેદરકારી કે વિલાસીતાને અહીં છૂટ્ટો દોર નથી. મેલ મનના હોય કે તનના અહીં પ્રકટ સ્વરૂપ આગળ બધું જ છોડવું પડે છે, ત્યારે એ પરમ સાન્નિધ્ય અખંડ સુલભ બને છે.

વૈકુંઠમાં રહેવું હોય તો વૈકુંઠપતિને ગમે તેવા થવું જોઇએ આ પરિવાર ચુસ્તપણે અક્ષરધામના નિયમોને અનુસરે છે. ઘર જાણે મૌન મંદિર હોય તેટલી શિસ્ત આ પરિવાર પાળે છે. તેઓ પરસ્પર મોટેથી વાત પણ નથી કરતાં. સવાર સાંજ શ્રી મધુભાઇ આરતી કરે તે પણ એટલા ધીમા અવાજે કે તેનો અવાજ રૂમની બહાર ન જાય! શ્રી મધુભાઇ તો ત્યાં સુધી શિસ્ત પાળે કે પૂ. માનો ઓરડો ખુલ્લો હોય છતાં સવાર સાંજ પૂ. માના ઓરડામાં જઇને દર્શન કે પ્રણામની પણ ઇચ્છા ન રાખે, ત્યાં સુધી કે પૂ. માના સાન્નિધ્યમાં અખંડ રહેવા છતાં દિવસો સુધી પૂ. માનાં દર્શન પામી શકતા નથી. પૂ. માની આજ્ઞા થાય તો જ દર્શન માટે કે કંઇ કામકાજ માટે પૂ. માના ઓરડામાં જાય!

પૂ. મા અહીં હોય એટલે દેશપરદેશના ભક્તોનો ઘમઘમાટ આખો દિવસ સતત ચાલુ જ હોય છે. શ્રી નીલાબેન જરાપણ



કંટાળ્યા વિના દરેકને રૂચે તેવો મીઠો પ્રત્યુત્તર આપતાં રહે છે. પૂ. માની સેવામાં તથા ઘરકામમાં દોડતાં રહે છે. શ્રી મધુભાઇ, શ્રી નીલાબેન કે તેમનો સુપુત્ર આનંદ ત્રણેય પોતપોતાના ભાગમાં આવતી સેવામાં જરાપણ ચૂક થવા દેતાં નથી. અને બીજાની અકારણ ખલેલ ચલાવી પણ લેતાં નથી, રામદરબારને આંગણે શ્રી હનુમાનજીની જેમ અહર્નિશ સેવાની અહાલેક જગાવ્યા કરે છે. માતૃદરબારના આ પાર્ષદોને પ્રેમપૂર્વક પ્રણામ!

આ સમર્પિત પરિવારની ત્રીજી તપશ્ચર્યા છે, આતિથ્ય સેવાની! અતિથિની કોઇ તિથિ નક્કી નથી હોતી તે વાત સાચી, પરંતુ અહીં તો અતિથિ વિનાની કોઇ તિથિ ખાલી નથી હોતી! અહીં અતિથિઓની એકલ દોકલ આવનજાવન પણ નથી હોતી, પરંતુ અર્જુનની બાણવર્ષાની જેમ અતિથિઓ ચાલુ હોય છે. દિવસો સુધી સતત અતિથિઓને પ્રેમપૂર્વક સ્વાદિષ્ટ રસોઇ જમાડવી તથા તેમના સૂવા બેસવાની વ્યવસ્થા પણ આદરપૂર્વક થાય છે. સગાંઓની જેવી સરભરા ન થાય એવી પૂ. માના ભક્તોની થાય છે. અન્નકોટનો ઓચ્છવ અહીં દરરોજ ઉજવાય છે. પૂ. મા અને પૂ. માના ભક્તો માટે આ પરિવારે સાવ મન મોકળુ મૂકી દીધું છે. 'રામ કી ચીડીયૉઁ, રામકા ખેત, ખાલો ચીડીયૉઁ ભરભર પેટ' એવી ઉદારતાનાં દર્શન થાય છે. નિઃસ્વાર્થપણે, પ્રસન્નતાપૂર્વક, અંતરના સાચા ભાવથી, આ સેવા દિવસો સુધી નહીં, મહિનાઓ સુધી સતત ચાલતી રહે છે તેથી આ ભગીરથ તપ નહીં તો બીજું શું છે?

સેવાનો યજ્ઞ અહીં અહર્નિશ ચાલતો જ રહે છે. એટલે તો આ સેવા તપ બની ગઇ છે! ભક્તો પરદેશથી આવે તેમને લેવા

જવા અને પરદેશ જતા હોય તો તેમને મૂકવા જવા એટલું જ નહીં પણ તેમની ટિકિટોનું બુકીંગ કરાવવું અને તેમના હાથમાં ટિકિટો તૈયાર આપવી આ માટે તેમનો સુપુત્ર આનંદ પ્રેમપૂર્વક દોડધામ કરતો રહે છે. આ માટે રાતોના ઉજાગરા પણ કરવા પડે છે. હમણાં વળી પૂ. માએ પરદેશ જતાં આવતા ભક્તો માટે યજ્ઞો શરૂ કર્યા તો તેનું આયોજન પણ આ ઘરમાં જ થાય.

આ ઉપરાંત ભક્તો કે ભક્તોના કુટુંબીજનો માંદગી પ્રસંગ સારવાર માટે મુંબઇ આવે તો શ્રી મધુભાઇ તેને તનમનધનથી હાર્દિક સહકાર આપે છે. જાતે ખબર અંતર પૂછીને જોઇતી મદદ પૂરી પાડે છે.

આ ભક્ત પરિવાર પૂ. માને કોઇ વાતે ખોટ પડવા દેતો નથી. પૂ. માની સેવા માટે બધી જ સુવિધાઓ માટે પાછું વાળીને જોતા નથી. બીજી કોઇ જરૂરિયાતો જે જરૂરી લાગે તે બીજી જ ક્ષણે વસાવી લે છે. પૂ. માની તનમનધનથી સેવા કરવાની એક પણ તક જવા દેતા નથી. પૂ. માના તન અને મનને નાનો સરખો પણ આઘાત પહોંચવા દેતા નથી. સાચા પાર્ષદની નિષ્ઠા શ્રી મધુભાઇ, નીલાબેન અને આનંદે બતાવી છે. હમણાં જ પૂ. માએ એ ગૃહમંદિરમાં રામાયણનું પારાયણ કર્યું. પૂ. માના દરેક નિર્ણયને શ્રી મધુભાઇ કેટલા ઉત્સાહથી વધાવે છે તે જોવાનું છે! ગમે તેટલું લખવાથી પણ આ સેવાની યથાર્થતાને સમજાવી નહીં શકાય એ તો આપણે જ્યારે એવી સેવાનો યજ્ઞ કરીએ ત્યારે જ તેની કિંમત સમજાય!

આ આતિથ્ય સેવાનો યજ્ઞ અહીં જ અટકતો નથી. શ્રી મધુ-ભાઇની ભાવનાને સમજવા જેવી છે. આ ઋષિદંપતીને એમ



લાગ્યું કે આ નાના મકાનમાં હવે પૂ. મા અને તેમના ભક્તોની સેવા કરવામાં જગ્યાની સંકડાશ અનુભવાય છે. તો તેમણે ઘડીના છઠ્ઠા ભાગમાં નવી જગ્યા લેવાનો નિર્ણય કરી લીધો, એટલું જ નહીં પણ એ નવા મકાનનું વાસ્તુપૂજન પણ અતિથિઓની હાજરી વિના કેવી રીતે શક્ય બને? એટલે આ સેવાભાવી પરિ-વારે પૂ. માની સંમતિ લઇ પચાસેક ભક્તોને પોતાને આંગણે નોંતર્યા અને એક અઠવાડિયા સુધી એ નવા ગૃહમંદિરમાં સત્કાર્યની જાણે સરવાણિ ફૂટી નીકળી! એક અઠવાડિયા સુધી વાસ્તુપૂજન નિમિત્તે જે સત્સંગના આનંદનો હિલ્લોળ ઊઠયો તે આ પ્રેમી દંપતીના અંતરના ખરા પ્રેમને આભારી છે.

આ ઋજુ દંપતીએ આ મકાનમાંપૂ. માની પ્રેરણાથી જૂદા જૂદા દિવસે વિવિધ યજ્ઞો તો કર્યા, પરંતુ આ વાસ્તુપૂજન નિમિત્તે ભક્તોને પૂ. માનું પાવન સાન્નિધ્ય અને દર્શનનું સુખ આપ્યું તેની તોલે કોઇ યજ્ઞ, કથા કે સત્સંગના ગમે તેવા કાર્યક્રમ પણ આવી શકે નહીં, પૂ. માની પોતાના બાળકો તરફની હંમેશાં કરૂણા રહી છે કે આવા કોઇને કોઇ સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરીને પરમ સાન્નિધ્યનો અનુપમ આનંદ પોતાના બાળકોને આપ્યા કરે છે. સતત એક અઠવાડિયા સુધી એ શ્રી માતૃચરણે મસ્તક મૂકવા-નો જે લ્હાવો લાધ્યો તેની ઝાંખી આપણે અહીં કરી રહ્યા છીએ.

પૂ. મા એવું ઇચ્છે કે અમારામાં શ્રદ્ધા ધરાવનારા પણ વિશુદ્ધ ચારિત્ર્યવાન બને. આ ઉજ્જ્વળ ચારિત્ર્ય ધરાવનારની કોઇ અયોગ્ય ટીકા કરે તો તે પૂ. માને ગમે નહીં. પૂ. મા ને સૌ બાળકોની એ ફરજ બની રહે છે કે પૂ. માના મહિમાને દીપાવે એવા આપણે નિર્મળ વિશુદ્ધ ચારિત્ર્યવાન બનીએ. પૂ. માના પ્રકટ

સ્વરૂપના દિવ્ય મહિમાને વધુને વધુ શોભાવીએ તેવા બનીએ અને વગર સમજ્યે, દેખાદેખીથી કે રાગદ્વેષથી પ્રેરાઇને કોઇને દુઃખ થાય તેવી ટીકા તો ન જ કરીએ.

બીજી અગત્યની વાત કરતાં પૂ. માએ કહ્યું, "ઘરમાં બાળકોને સત્સંગનું વાતાવરણ આપો અને તમે પણ સવારસાંજ બાળકો સાથે સત્સંગના કાર્યક્રમોમાં ભાગ લો. નિયમિત સત્સંગના વાતાવરણથી બાળકોના અધ્યાત્મ સંસ્કારોનો મજબૂત પાયો નંખાશે. પ્રભુપ્રેમના સંસ્કારોનું ઘડતર થતું રહેશે. જે આગળ જતાં જીવનને સંસ્કારી, પવિત્ર, પ્રભુપરાયણ અને સાચા સુખશાંતિથી સમૃદ્ધ કરશે.

અમારા માતાપિતાએ બાળવયથી જ અમારામાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન કર્યું હતું. કિશોરવયમાં તો એ પવિત્ર સંસ્કારોએ અમારામાં ઘર કરી લીધું. માતાપિતાના આ સંસ્કાર સિંચનને લીધે તો ભરયુવાનીમાં અમે પૂ. યોગેશ્વરજીનું પરમ સાન્નિધ્ય પચાવી શક્યાં. અમારા માતાપિતાના સુસંસ્કારોએ અમારા મનરૂપી ખેતરને ખેડીને સારી રીતે ફળદ્રુપ બનાવ્યું જેથી પૂ. શ્રીના પ્રભુપ્રેમના અનન્ય સંસ્કારોને ફળીભૂત કરી શક્યાં."

ત્રીજી વાત સમજાવતાં પૂ. માએ કહ્યું "બીજાના પ્રભુપ્રેમના સંસ્કારોને પોષવા, પરંતુ કોઇપણ સંજોગોમાં તેમને પ્રભુપંથેથી પાછા વાળવા નહીં. પ્રભુમાં જેઓ વિશ્વાસ મૂકે છે તેનું પ્રભુ ધ્યાન રાખે છે. તેનું કામ પણ પ્રભુ કરી આપે છે."

પૂ. મા શ્રી મધુભાઇ અને નીલાબેનના સમર્પણભાવની વાત કરતાં કહે, "અમે એક વર્ષથી આ ઘરમાં રહીએ છીએ, છતાં ઘરના કોઇ પણ સભ્યની ઉદાસીનતા કે પ્રેમની ઓટ અમે



અનુભવી નથી. ગૃહસ્થજીવનની કોઇ કટુતા કે ક્લેશ અહીં જોવા મળતાં નથી. ગઢડામાં શ્રી દાદાખાચરના પરમપ્રેમને વશ થઇને શ્રીજી મહારાજ વર્ષોસુધી તેમના ઘરમાં વસ્યા અને પ્રકટ સ્વરૂપનું દેવદુર્લભ સાન્નિધ્ય શ્રી દાદાખાચરને ધરીને ન્યાલ કરી દીધા! અમને પણ આ પરિવારનો સમર્પણભાવ સ્પર્શી ગયો છે. તેથી તો અહીં અઠે દ્વારકા કરીને બેઠાં છીએ. બધા જ પ્રકારની અનુકૂળતા અને સ્વતંત્રતા અમે અહીં અનુભવી શકીએ છીએ. આ પ્રભુપ્રેમી પરિવારે તેમના જીવનની લગામ પ્રભુને સોંપી દીધી છે. અદ્‌ભુત શાંતિનો અનુભવ અમને અહીં થયો છે.

પાંચમી વાતનો દોર સાંધતાં પૂ. મા કહે "પ્રભુપર અટલ વિશ્વાસ રાખીએ તો, પ્રભુ અવશ્ય સંભાળ રાખે છે. અમારામાં વિશ્વાસ રાખીને શ્રી આનંદ, રાજુ અને રાજીવ ત્રણેય યુવાનો એક પણ પૈસો લીધા વગર વ્રજેશ્વરીની યાત્રા પગે ચાલીને કરી આવ્યા. કસોટી થઇ, પણ અદ્‌ભુત સંભાળ પ્રભુએ રાખી. એકં અક્ષરપણ બોલ્યા વિના સામેથી જ જમવાની અને રહેવાની વ્યવસ્થા પ્રભુએ કરી. પ્રભુ પર વિશ્વાસ રાખીને આવી યાત્રાઓ કરતા રહો તો પ્રભુપરનો આપણો વિશ્વાસ અને શ્રદ્ધા દૃઢ બને. આ શ્રદ્ધાને પછી કોઇ ડગાવી નહીં શકે."

આજે તા. ૪ ડીસેમ્બર, '૯૪ ના રોજ અચાનક જ પૂ. માએ નવા ગૃહમંદિરની મુલાકાત લીધી તો ત્યાં શ્રી પંડિતજીના આચાર્યપદે થઇ રહેલા મંત્રજાપના યજ્ઞકાર્યને જોઇને અંતરથી પ્રસન્ન થઇ ઉઠયાં! આ યજ્ઞકાર્યના પવિત્ર વાતાવરણને માણતાં પૂ. મા કહે, "જાણે કોઇ ઋષિના તપોવનનાં આશ્રમમાં પવિત્ર યજ્ઞકાર્ય થઇ રહ્યું હોય તેવું દૃશ્ય જોઇને આનંદ થાય છે. જે શ્રદ્ધા

અને ભાવપૂર્વક તમે સૌ મંત્રજાપ કરી રહ્યા છો તે આ નવા ગૃહમંદિરના અણુએ અણુમાં પ્રસરી જશે.

પૂ. મા આ ગૃહમંદિરમાં પધાર્યાં એટલે જાણે એવું લાગ્યું કે વશિષ્ઠના પાવન આશ્રમના દર્શને શ્રી રામ ન પધાર્યા હોય! પૂ. માના પ્રકટ સ્વરૂપનાં દર્શનનો પરમાનંદ સૌના હૈયામાં ઉમટી પડયો! આખું જ ગૃહમંદિર પૂ. માના પ્રેમાગમન સાથે જાણે હસી ઉઠયું! આ ગૃહમંદિરના અધિષ્ઠાતા પરમદેવ પૂ. મા સાક્ષાત્ પ્રકટતાં આ ગૃહમંદિર જાણે સજીવન થઇ ઊઠયું! ભક્તોનાં હૈયા નાચી ઊઠયાં! સર્વત્ર આનંદ આનંદ વર્તાઇ રહ્યો! આ દેવાલયની દીવાલોએ પણ પ્રેમાનંદના પડઘા પાડયા!

દિવ્યાનંદમાં ડૂબીને એક દિવસ અને રાત પસાર પણ થઇ ગયા! બીજા દિવસનું પ્રભાત પણ આવો જ દિવ્યાનંદ લઇને પ્રકટયું. સવારની બેઠકમાં આચાર્યશ્રીએ ધ્યાન, પ્રાર્થના અને મંત્રજપનો સુંદર વિધિ કરાવ્યો. એમ જ લાગ્યા કરે કે જાણે આ પાવન વિધિઓ કર્યાં જ કરીએ. કેવો સરસ સાત્ત્વિક આનંદ પ્રભુના નામસ્મરણની આ વિધિમાંથી વરસી રહ્યો છે! અંતે શારીરિક વ્યાયામની હળવી કસરતો કરાવી આચાર્યશ્રીએ સૌને પ્રફુલ્લિત કરી દીધા! હળવી કસરતો પછી સંસારસુખની ચાવી સૌને આપતાં કહ્યું, "The body, wealth and family can give us happiness if we are healthy." આ આરોગ્યસૂત્ર આચરીને તનમનથી નિરોગી બની પૂ. માની દિવ્યતાને વિશ્વમાં વિસ્તારી જીવનને સાર્થક કરીએ!

આ નવા ગૃહમંદિરમાં બપોરપછી લઘુરુદ્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી પંડિતજીના આચાર્યપદે સૌએ સમૂહમાં



ભારે ભાવપૂર્વક લઘુરુદ્રયજ્ઞનું કાર્ય સંપન્ન કર્યું! આજ ૫, ડીસેમ્બરની સાંજની સત્સંગસભા પૂ. માના સાન્નિધ્યમાં મળી છે. સૌ બાળકો પૂ. માના ખોળામાં બેઠા હોય તેમ જાણે ગોઠવાઇ ગયાં છે. પૂ. મા તો સૌને સમાવી લે છે. પણ રૂમની જગ્યાને મર્યાદા છે, ત્યાં દીપેશ સત્સંગમાં પાછળથી આવ્યો એટલે બરાબર બંધબેસતી સરસ રમૂજ કરતાં કહે "બસ, આવો જ રહેજે જેથી તારી જગ્યા થઇ જશે!"

દીપેશ પાતળો એટલે સમાઇ ગયો! પૂ. માની આ બંધબેસતી રમૂજ ફક્ત રમૂજ ન રહેતાં એક માર્મિકતાની સરસ ચોટ પણ આપણને આપી ગઇ! રાગદ્વેષ ને મોહથી મુક્ત બની પારદર્શક હળવા બનશો તો તમને અમારામાં સમાવી લઇશું. બાકી અહંથી ફુલાઇને ઢમઢોલ બનશો તો સમાવવા મુશ્કેલ છે. માટે મનના મેલ નીતારીને પાતળા થઇશું તો પૂ. મા તો પોતાના બાળકોને પોતાના મસ્તકે પણ બેસાડી લેશે. કેવો સુંદર મર્મ! માટે ષડ્રિપુઓથી મુક્ત થઇ હળવાફૂલ થવું જ રહ્યું!

પૂ. માએ આજના સત્સંગમાં સરસ વાત કરતાં કહ્યું, "પરમપુરુષો જ્યારે અવતાર ધારણ કરે ત્યારે તેમના પ્રકટ સ્વરૂપની લીલાસ્મરણમાં ગૂંચવાઇ જવું જોઇએ. બાળકૃષ્ણના સ્વરૂપમાં જેમ ગોપીઓ આખો દિવસ રમમાણ રહેતી તેમ જ્યારે પણ પ્રકટ પરમપુરુષનું સુખદ સાન્નિધ્ય મળે તેમાં મનને પરોવી દેવું જોઇએ. મુક્તિનો આ મહામાર્ગ છે, છતાં સરળ છે."

પૂ. મા કહે, "અમે હસીએ પણ ખરાં અને વઢીએ પણ ખરાં, અને જે કહેવા જેવું હોય તે કહીએ પણ ખરાં! નિર્દોષ હાસ્યથી હંમેશાં પ્રફુલ્લ રહેવું જોઇએ.

આજના સત્સંગમાં શ્રી મંજુબેન ભાવસાર તથા શ્રી માલતી-બેને પૂ. મા સાથેના સુંદર રમૂજભર્યા પ્રસંગો કહ્યા. શ્રી અરુણા-બેને ગીતોની સરસ પંક્તિઓને પણ પ્રાર્થનાના સ્વરૂપમાં ઢાળીને પ્રાર્થના કરી શકાય તેવો પોતાનો સરસ અનુભવ કહ્યો. અમારી આ પ્રાર્થનાને સાંભળીને પૂ. માએ અમને અચાનક મુંબઇ બોલાવીને પોતાનું પરમ સાન્નિધ્ય ધર્યું.

વાત નીકળતાં પૂ. માએ કહ્યું, "સાર તો જ્યાંથી પણ મળે ત્યાંથી ગ્રહણ કરવો જોઇએ. હું તો કહું છું કે 'રાજા ભર્તુહરિ'ની ફિલ્મ દરેકે જોવી જોઇએ. પરમગુરુઓ પોતાના શિષ્યોને સંસાર-ના મોહમાંથી છોડાવવા કેવો ભગીરથ પ્રયત્ન કરે છે તે વાત રાજા ભર્તુહરિના જીવનમાં આપણને જોવા મળે છે. ફિલ્મો બહુ મોટું માધ્યમ છે, તેમાંથી સાર ગ્રહણ કરતાં શીખો."

તા. ૬, ડીસેમ્બર '૯૪ નું પ્રભાત વળી એક નવાજ સત્કર્મને લઇને પ્રકટયું. આજે નવા ગૃહમંદિરમાં આખો દિવસ ગુરુલીલા-મૃતનું મંગલગાન સમૂહમાં થતું રહ્યું. પૂ. મા જાણે વિવિધ સત્કર્મો કરાવીને આ ગૃહમંદિરની એકેએક ઇંટને પવિત્ર બનાવી રહ્યાં છે.

પૂ. માએ આજના સત્સંગમાં કહ્યું, "જ્યારે બે વ્યક્તિ વચ્ચે-ના ઋણાનુબંધનું કારણ ન સમજાય ત્યારે સમજવું કે તેમની વચ્ચે પૂર્વજન્મનું અનુસંધાન છે."

શ્રી પંડિતજીની એકનિષ્ઠ ભક્તિ જોઇને પૂ. મા આ વાત કરી રહ્યાં છે. પૂ. મા કહે "શ્રી પંડિતજીએ પોતાની આંખમાં એવો અદ્‌ભુત નેત્રમણિ બેસાડયો છે, એમને સર્વત્ર મા–પ્રભુ સિવાય કંઇ દેખાતું જ નથી. એમના કર્મકાંડના સર્વ વિધિવિધાનોમાં મા–પ્રભુનું જ દર્શન થયાં કરે છે. તેમની એકનિષ્ઠ ભક્તિ માપ્રભુ



પ્રત્યે છે. એટલે સર્વ વિધિઓમાં એમનું જ આહ્‌વાહન તેમનાથી સહજ થયાં કરે છે. આ રીતે તેઓ પ્રકટ સ્વરૂપની પ્રત્યક્ષ પૂજાનો લ્હાવો લૂંટી રહ્યા છે. આ રીતે શ્રી પંડિતજી જાણે યોગેશ્વર પરિવારના કુળગુરુ બની ગયા છે."

શ્રી પંડિતજીના ભાવ નીતરતાં વિધિવિધાનો જેમણે માણ્યાં છે તેમને પૂ. માની આ અંજલિ યથાર્થ લાગશે. શ્રી પંડિતજીની વિદ્વતા, શાસ્ત્રજ્ઞાન, કર્મકાંડની જાણકારી ખરેખર અદ્‌ભુત છે. તેઓ બધી જ વિધિઓમાં જે પોતાનો ભાવ રેડે છે તેથી તે જીવંત બની જાય છે. તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

અહીં નવા ગૃહમંદિરમાં હમણાં તો પ્રત્યેક પ્રભાતે પ્રભુની પ્રસન્નતા માટે પ્રાર્થનાના નિત્યનવીન રસથાળ પીરસાતા રહે છે. આજે ૭, ડીસેમ્બરના રોજ પૂ. માની પ્રેરણા અનુસાર ગુરુ-પૂજનનો કાર્યક્રમ રાખ્યો છે. ખરેખર અહીંનું વાતાવરણ જોતાં જ અંતરમાં સહજ જ પવિત્રતાની આભા પ્રકટી રહે છે. વિવિધ પૂજા સામગ્રીઓ અને પ્રભુનાં સુંદર સ્વરૂપોથી આ ગૃહમંદિર ખરેખર શોભી ઊઠે છે. તેમાંય વળી શ્રી પંડિતજીના બુલંદકંઠેથી ભાવથી વહેતા મંત્રોચ્ચારોથી પ્રભુની પ્રત્યક્ષતાનો અદ્‌ભુત અનુભવ સૌના અંતર કરી રહ્યાં છે. શ્રી પંડિતજીની પૂજાવિધિ ફક્ત કર્મકાંડ નથી, પણ પ્રભુને પ્રસન્ન કરતી ભાવભરપૂર પ્રાર્થના પદ્ધતિ છે તેનો એહસાસ સહજ અનુભવાય છે.

આજે જ્યારે ભાવમગ્ન બની સૌ ગુરુપૂજનમાં એકાગ્ર હતા ત્યાં અચાનક જ પૂ. મા પધાર્યાં! ગુરુપૂજન વખતે જ ગુરુ એકાએક પ્રકટે તો પછી ભક્તોનાં હૈયાં ક્યાંથી હાથ રહે! આનંદની રસછોળો સર્વત્ર ઉડી રહી. પૂજાનો પ્રત્યક્ષ પધારી પૂ. માએ

સ્વીકાર કર્યો અને દર્શનનો અનુપમ લ્હાવો આપી આજના ગુરુપૂજનને સાર્થક કરી દીધું! આટલી પ્રેમપૂર્ણ પૂજાથી જો પૂ. મા મળી જતાં હોય તો બાળકોને બીજું શું જોઇએ?

પૂ. માએ દરેક ઓરડામાં પધારી સૌની પૂજાનો સ્વીકાર કરીને ધન્ય કરી દીધા. ગુરુપૂજનના અંતે આરતી થઇ. પૂ. મા આ ગૃહમંદિરની એકબાજુએ દિવાલને અઢેલીને હાથ જોડીને ઊભાં રહ્યાં. સૌ ભાવિકોએ આજે પ્રત્યક્ષ સ્વરૂપની આરતીનો અનુપમ લ્હાવો લૂંટી લીધો. સૌ ભાવવિભોર બની ગયા! ભાવિકો-નો ભાવ સાક્ષાત્ સ્વીકારીને ધન્ય ધન્ય કરી દીધા. પ્રકટ દર્શનથી આ ગૃહમંદિર અક્ષરધામમાં જાણે પલટાઇ ગયું!

આરતી પૂર્ણ થતાં પૂ. મા આસનપર બીરાજ્યાં. છોકરાઓ એ પાવન શ્રી ચરણોમાં બેઠા. દર્શન અને વાર્તાલાપ બધું જ દિવ્ય બની ગયું!

શુભાશિષ પાઠવતાં પૂ. માએ કહ્યું "જે ઘરમાં સંત નિવાસ હોય તે ઘરના ભાવિકોની કેટલીક જવાબદારીઓ થઇ જાય છેઃ—(૧) સંતોને સામાન્ય માનવ માનવા નહીં. (૨) શ્રદ્ધા અખંડ રાખવી જોઇએ. (૩) તે ઘરમાં કોઇને કોઇજાતનું વ્યસન ન હોવું જોઇએ.

આ ત્રણેય જવાબદારીઓ આ ગૃહસ્થાશ્રમમાં પ્રેમપૂર્વક પૂર્ણપણે બજાવવામાં આવે છે. આટલી માનસિક તૈયારી સાથે સંતોને સન્માનીએ તો તેમના સાન્નિધ્યનો ઉમદા લાભ પ્રાપ્ત થાય છે. આપણે સાચી નિષ્ઠા પ્રકટ કરીએ તો ઘર બેઠાં ગંગા સ્નાનનો લાભ મળે."

પૂ. મા કહે "શ્રી મધુભાઇ, નીલાબેન અને આનંદે અમને



સંપૂર્ણ સહકાર આપ્યો છે. આ ઘરમાં અમે ક્યારેય કોઇને ઊંચે સાદે બોલતાં સાંભળ્યાં નથી. રાતદિવસ અખંડ શાંતિનો અનુભવ કર્યો છે.

શ્રી મધુભાઇના સંપૂર્ણ સમર્પણભાવને લીધે તેમના જીવનમાં સંતોની કૃપાથી સુખનો સૂર્યોદય થયો છે. આજ્ઞાપાલન એટલે આજ્ઞાપાલન! તે સામે તેમણે કદી પણ દલીલ કે ફરિયાદ કરી નથી. તેથી જ સંતોની કૃપાનો પ્રભાવ તેમના જીવનમાં વધતો જ રહ્યો છે.

ઘરમાં સંતોને રાખવાની ત્રણે શરતો આ લોકો પૂર્ણપણે પાળે છે. અનુકૂળતા અને સ્વતંત્રતાને લીધે આ ગૃહમાં રહીને અમારું લેખનકાર્ય નિર્વિઘ્નપણે કરી શકીએ છીએ. હરિદ્વારમાં શરૂ થયેલું લેખન અમે અહીં પણ ચાલુ રાખી શક્યાં છીએ.

અમારી સાથે રહેલા ભક્તોને એટલા જ પ્રેમથી સાચવે છે. કોઇને કોઇ પ્રકારે ઓછું આવવા દેતાં નથી. સૌનો ભાવપૂર્વક આતિથ્ય સત્કાર થાય છે તે તમે અહીં આવીને અનુભવી રહ્યા હશો."

આજે તા. ૮–૧૨–૯૪ ના રોજ વાસ્તુપૂજન વિધિનો કાર્ય-ક્રમ સવારના દશથી સાંજના પાંચ વાગ્યા સુધી શ્રી પંડિતજીના આચાર્યપદે સંપૂર્ણ વિધિસાથે ભારે ભાવપૂર્વક સંપન્ન થયો. પૂ. મા પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યાં.

આ શુભપ્રસંગે આશીષ વરસાવતાં પૂ. મા કહે, "શ્રી મધુભાઇની શ્રદ્ધાભક્તિ આવા અનેક સત્કાર્યો તેમની પાસે કરાવતી રહે. છેલ્લા પાંચ દિવસથી આ સ્થાનમાં કોઇને કોઇ સત્કાર્ય નિમિત્તે પ્રભુનું નામસ્મરણ થતું રહ્યું છે. આ સ્થાનનું

નામ 'આનંદમ્' રાખ્યું છે. છેલ્લા પાંચ દિવસોથી જે સત્કાર્યોનો આનંદ અહીં ઉમટતો રહ્યો એવો જ આનંદ ભવિષ્યમાં પણ આ પવિત્ર સ્થાનમાંથી ઉભરાતો રહેશે. ફક્ત સાબુથી સ્વચ્છ થવાતું નથી, સાચી નિર્મળતા તો સત્કર્મોના અનુષ્ઠાનોથી મળે છે માટે નાના મોટાં સત્કાર્ય કરતાં રહેવું જોઇએ.

પ્રભુ શ્રી મધુભાઇ જેવા પાર્ષદોને પોતાના કાર્યો કરાવવા મોકલતા રહે છે. શ્રી મધુભાઇએ અહીંયાં સૌને માટે પ્રેરણાપરબ માંડી છે. અહીંયાથી પ્રેરણા લઇને તમે પણ સૌ ઘેર ઘેર સત્કાર્યની પ્રેરણા પરબ માંડજો. તમે પણ પાન કરીને તૃપ્ત થજો અને બીજાને પણ કરજો.

આપણા આસપાસ વિચરી રહેલી પરમશક્તિને જાણીએ અને તેનો આધાર લઇને પરમપંથે વિચરીએ. સંતોની કૃપા આપણા જીવનમાં પણ કાર્યન્વિત થાય તે માટે ભૂમિકા સર્જીએ. સંતો તો સૌને પોતાના કરવા ઇચ્છતા હોય છે."

આ 'આનંદમ્' પર કૃપાશિષ વરસાવતાં પૂ. મા કહે "હે પ્રભુ 'આનંદમ્'ના નવા નિવાસમાં નિવાસ કરનારાઓને સર્વપ્રકારે સુખ આપો, શાંતિ આપો, પ્રસન્નતા આપો. આ નિવાસમાં સત્કાર્યો સતત થતાં રહે. પ્રભુનાં કાર્યો માટે આ સ્થાન પ્રેરણા પરબ બની રહો. સૌને સ્વસ્થ શરીર, મન અને પૂર્ણ આયુષ્ય આપો. સર્વ દિશાઓમાંથી સર્વ કાળે 'આનંદમ્'માં શાંતિ વહેતી રહો."

તા. ૧૦ ડીસેમ્બર, '૯૪ ના રોજ એક વખતના ભારતના ખ્યાતનામ બેરીસ્ટર શ્રી મોહનભાઇ વ્યાસ પૂ. માના દર્શને આવ્યા છે. તેઓએ પોતાની ધ્યાનની અનુભૂતિ વર્ણવતાં કહ્યું, "મને ધ્યાનમાં ત્રણ સ્વરૂપ દેખાય છે. મા શારદા, મા સર્વેશ્વરી અને શ્રી



કૃષ્ણ. મારું ધ્યાન આપના પ્રતિ વિશેષ આકર્ષાય છે. શ્રી યોગેશ્વરજી અને અનેક ઋષિઓ આપનું રક્ષણ કરતા ઉભા છે. મા, આપના દર્શનનું તેજ અદ્દ્ભુત હતું. શ્રી યોગેશ્વરજી સિવાય બીજા કોઇ ઋષિને હું ઓળખી શક્યો નહીં.

શ્રી મોહનભાઇએ પ્રેમાશ્રુઓ વહાવતાં ભાવભર્યા હૃદયે કહ્યું "મા, તમે છો, યુગપુરુષ છો, લોકો માને કે ન માને તેની સાથે મારે કંઇ લેવા દેવા નથી. હવે આપના દર્શન સિવાય નિદ્રા, ક્ષુધા અને તૃષા ત્રણમાંથી એકપણ ગમતું નથી!"

શ્રી મોહનભાઇની ભાવપૂર્ણ સ્થિતિ જોતાં પૂ. મા કહે, "સાધો સહજ સમાધિ ભણી ધ્યાનમાં એકાકાર થતા જશો તેમ તેમ પ્રભુનાં સ્વરૂપો બોલતાં થઇ જશે.

સગાંઓ તેની ફરજ બજાવશે પણ મનથી બધું જ છોડી દો. ત્યાગ કર્યા પછી મનથી બધું જ છોડયું છે. પરંતુ તેમને છોડયા નથી. અમે પણ લોકોની સંસારકથા સાંભળીએ છીએ. આપણા સ્વજનો કે આસપાસની દુનિયા નહીં બદલાય. આપણે જ બદલાઇ જવું પડશે. તમને બધાને ઘોડાના ડાબલા પહેરાવવા જોઇએ. જેથી બીજે ધ્યાન ન દોરાતાં ધ્યેય તરફ જ એકધારી ગતિ થાય. જે રસ્તે ન જવું હોય તે દિશાએ પણ ન જવું."

પૂ. મા કહે "અમને તમારાં ફૂલ નથી જોઇતાં, સફરજન નથી જોઇતાં. અમારે તો તમારી શુદ્ધિ જોઇએ, પવિત્રતા જોઇએ. મા તેને કહેવાય જે લાયકાત જોતી નથી, સૌને અપનાવે છે. અહંકારનાં કપડાં કાઢો અને બહાર નીકળશો તો પામશો. શ્રી બાપજી હિમાલય ગયા તો ત્યાં તેની સાથે કોણ હતું? તેમની અનુભૂતિઓ સાંભળો અને તમે પણ જાતે અનુભવ કરો પછી

શંકાના જાળાં નિર્મૂળ કરીને પ્રભુને વળગી જાઓ."

પૂ. મા તો સમયસર જગાડે છે. ઘણી વખત તો આપણી પાછળ પડી જાય છે. કાનમાં પોકારો પાડે છે. જાગી જા! જાગી જા! એટલે તો ઘોડાની જેમ ડાબલા ચડાવવાનું કહે છે. આ જીવનસ્વપ્ન પસાર થતાં વાર નહીં લાગે! જા, સામે જ છે, છતાં શંકાઓમાં અટવાઈએ છીએ. મનની પણ કેવી બલિહારી છે! માટીની મૂર્તિમાં શ્રદ્ધા જાગે છે, પણ પૂ. માના પાવન શ્રી વિગ્રહમાં શ્રદ્ધા જાગતી નથી! કાળ વીતે તે પહેલાં ચેતી જઈએ.

અમુલખ કામ છતાં ચંચલ છે, પામી લેને સાર;
પાગલ જીવી લે જીવનને, શ્રીમાને ઉરમાં ધાર.

## ચૂંટેલાં પુષ્પો

તમારા માતાપિતાની આજ્ઞાનું પાલન કરો. તમારા મોટા ભાઈબેનની આજ્ઞાને અનુસરો. પૂજ્યભાવ કરતાં આજ્ઞાંકિતતા ઊંચી છે. તમે મહાપુરુષ માફક પ્રકાશી ઊઠશો. તમે જે કંઈ કરશો, એમાં સફળ થશો. તમે સુખી અને સમૃદ્ધ બની જશો.

* * *

સારી સોબત રાખો. ખરાબની સોબત ત્યજી દો. તમે સાવધાન નહિ રહો તો ખરાબ વ્યક્તિ તમારા ચારિત્ર્યને કલંકિત કરશે. ધૂમ્રપાન ન કરો. જુગાર કે પાના ન રમો. ભગવાનના ભક્તો અને ડાહ્યા પુરુષોનો સત્સંગ કરો. શાંત બેસો. તેમનાં સૂચનો ધ્યાનપૂર્વક સાંભળો અને એનું આચરણ કરો.



# રામકથા

( ડીસેમ્બર–'૯૪, અંક ૩ નું અનુસંધાન) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

પાછળથી એણે રામને એ આખો ય પ્રસંગ કહી બતાવ્યો તો રામે કહ્યું : 'નેહની રીત અનોખી છે, લક્ષ્મણ! એની સ્મૃતિ જીવનમાંથી કદી યે નથી કરમાતી. ઊર્મિલાનો તારા પ્રત્યેનો પ્રેમ સીતાના મારા પ્રત્યેના પ્રેમ જેવો જ પ્રબળ છે. એટલે એની સ્મૃતિ આવે વખતે થઈ ન આવે એ સ્વાભાવિક છે. ઊર્મિલા અત્યારે શું કરતી હશે? એ સુખી કે કુશળ તો હશે ને?'

'મારું હૃદય તો કહે છ કે એ કુશળ હશે.'

'એ કુશળ હોય એવું જ આપણે ઇચ્છીએ છીએ.'

પરંતુ ઊર્મિલા એટલી કુશળ ન હતી. એ વખતે એ મિથિલામાં હતી. પોતાના પિતા મહારાજા જનકના ખાસ આગ્રહથી પ્રેરાઈને એ થોડા વખતને માટે મિથિલા આવેલી. પરંતુ મિથિલામાં આવ્યા પછી એનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું અને એ થોડા જ વખતમાં માંદી પડી ગઈ. અત્યારે એ પથારીમાં પડીપડી લક્ષ્મણે પહેરાવેલી પેલી મુદ્રિકાને જોવા લાગી. એ આખાય પ્રસંગનું સ્મરણ થતાં એનું કોમળ કાળજું વધારે કોમળ અને કરુણ બની ગયું.

એના મુખમાંથી એકાએક ઉદ્‌ગાર નીકળી પડ્યા : 'કોણ જાણે આ તાવ મને ક્યારે છોડશે! એ મારી પાછળ આદુ ખાઈને પડ્યો લાગે છે. અયોધ્યાથી અહીં પિતાજીએ મને શાંતિ માટે બોલાવી ત્યારે ઊલટી અશાંતિ ઊભી થઈ.'

નિષ્કામ બાજુમાં જ બેઠો હતો. તે બોલ્યો : 'મને પણ એ જ ચિંતા થયા કરે છે કે, તને વળી આ તાવ ક્યાંથી લાગુ પડયો ! તને સારું થઇ જાય તેને માટે રોજ પ્રાર્થના કરું છું. પરંતુ મારી પ્રાર્થનામાં એટલું બધું બળ ક્યાંથી હોય? તારે બદલે મને તાવ આવે અને તું તાવમુક્ત બની જાય તો પણ ઘણું સારું. તારો તાવ લેવા માટે હું તૈયાર છું. પરંતુ એવી રીતે તાવ થોડો જ લઇ શકાય છે?

'એવી રીતે તાવ લઇ શકાતો હોત અથવા કોઇનું કોઇપણ પ્રકારનું દર્દ લઇ શકાતું હોત તો તો જોઇતું'તું જ શું?

'શા માટે ના લઇ શકાય? પરંતુ મારો સ્નેહ એટલો કાચો.'

'કાચા કે પાકાની વાત જવા દઇએ તો પણ. તારે કે કોઇએ મારો વ્યાધિ લેવાનો વિચાર પણ શા માટે કરવો પડે?

'વિચાર કરવો નથી પડતો. વિચાર થઇ જાય છે.'

'તો પણ મારો વ્યાધિ હું જ ભોગવી લઉં તે બરાબર છે. લાંબા વખતના તાવથી જરાક કંટાળી ગઇ છું. પરંતુ વ્યાધિ કાંઇ કાયમ માટે બેસી રહેવાનો છે? એક દિવસ એનો પણ અંત આવશે.'

એટલામાં તો નિષ્કામની આંખમાંથી આંસુ ટપકી પડયું.

એ જોઇને ઊર્મિલાએ કહ્યું : 'અરે, તું તો રડવા માંડયો ! એમાં રડવાનું શું છે? હું કાંઇ આવી ને આવી જ થોડી રહેવાની છું?

'તું વહેલી તકે સ્વસ્થ બની જાય અને સો વરસની થાય એવું ઇચ્છું છું. તારે માટે એવી પ્રાર્થના કરતાં મારી આંખમાં આંસુ આવી ગયાં. તારા જેવી પવિત્ર બહેન માટે પ્રાર્થના ના કરું તો બીજા કોને માટે કરું? ઈશ્વરે મને મારા જીવનમાં તારા જેવી



પવિત્ર ને લાગણીવાળી બહેન આપી છે તે સુખી રહે તથા દીર્ઘાયુ બને એવી મારી ઇચ્છા છે.'

'મને કશું જ નથી થવાનું. લક્ષ્મણ, રામ અને સીતા વનમાંથી પાછાં ફરશે અથવા અયોધ્યાને પોતાની પદરજથી પવિત્ર કરશે ત્યાં સુધી અને તે પછી પણ હું જીવવાની છું. લક્ષ્મણને માટેનો મારો સાચો, પવિત્ર ને પ્રખર પ્રેમ જ મને જીવતી રાખી રહ્યો છે અને જીવતી રાખ્યા કરશે. મને કાંઇક થાય તો લક્ષ્મણને જ્યાં હોય ત્યાં સંદેશ જરૂર મોકલું. મારો સંદેશ મળતાં એ જ્યાં હોય ત્યાંથી વિના વિલંબ આવી પણ જાય. પરંતુ અત્યારે એવું નથી કરવું. એ રામ તથા સીતાની સેવાના મહામૂલ્યવાન કામમાં બીજા બધા જ વિષયોને ગૌણ ગણીને લાગી ગયા છે એમાં ભલે લાગેલા રહે. એ કિંમતી સેવાકર્મમાંથી મારે એમનું ધ્યાન મારા તરફ નથી લગાડવું. એ ભલે ત્યાં જ રહે ને સુખી રહે. એમને પણ વનમાં કાંઈ ઓછી તકલીફ નહિ હોય.'

'વનમાં અપરિચિત પ્રદેશમાંથી માર્ગ કરવાનો હોય છે, જંગલી જનાવરનો ભય હોય છે, અને રાક્ષસો ફર્યા કરે છે, એમનાથી પોતાની રક્ષા કરવી પડે છે. એવી રીતે ડગલે ને પગલે કષ્ટ તો હોય જ.'

'છતાં પણ રામ તથા લક્ષ્મણ પરમ પ્રતાપી છે, એટલે બધાં કષ્ટોને પહોંચી વળશે. એમ તો મને જરા પણ શંકા નથી થતી. એમનાં જીવન નિરાપદ અને સુખમય બને. તેં પણ મારી સારી સેવા કરી, નિષ્કામ ! એને માટે તને ધન્યવાદ આપું છું.'

'એમાં ધન્યવાદ આપવાનું કારણ જ ક્યાં છે? મેં તો મારી ફરજ બજાવી છે. અયોધ્યામાં તું માંદી પડત અને મને એની ખબર ના હોત તો તારી સેવા કરવા મારાથી થોડું જ આવી શકાવાનું હતું? આ તો ઈશ્વરે મને તારી સેવા કરવાનો અવસર

આપ્યો. એનો લાભ ના લઉં એવું બને જ કેવી રીતે? બહેનની સેવા ભાઇ કરે એ માટે કાંઇ ધન્યવાદ ના આપવાનો હોય. ઊલટું, મને સેવા કરવાનું સૌભાગ્ય આપવા બદલ તને જ ધન્યવાદ આપી રહ્યો છું. પહેલાં હું લાંબા વખત–લગી માંદો રહેલો ત્યારે તેં લાગણીપૂર્વક મારી ઘણી સેવા કરી છે.'

'ક્યારે? તું ક્યારે માંદો પડયો ને મેં તારી સેવા ક્યારે કરી?' ઊર્મિલા કાંઇ સમજી ના શકી. એણે આશ્ચર્ય બતાવ્યું.'

'કેમ? હું માંદો નહોતો પડયો ને તેં મારી સેવા નહોતી કરી? એટલી વારમાં ભૂલી ગઇ? હું પણ ભયંકર માંદગીમાં સપડાયેલો પરંતુ એ માંદગી શારીરિક નહિ, માનસિક હતી. મને કામવાસનાની વિષમય અસરવાળો ભીષણ જ્વર લાગુ પડેલો. તેમાંથી તેં જ મને ઉગારી લીધો. એથી મારું જીવન સુધરી ગયું ને ઉજ્જ્વળ બન્યું. તારો એ અસાધારણ ઉપકાર નહિ ભૂલી શકું. આ જ્વર તો છેક જ સાધારણ છે પણ એ તો અત્યંત મારક હતો. તારા અનુગ્રહથી જ એ ઉતરી શક્યો.'

ઊર્મિલાએ સૂકું સ્મિત કર્યું ને કહ્યું : 'સારું થયું કે તું એ જ્વરમાંથી મુક્તિ મેળવી શક્યો. નહિ તો વળત કશું નહિ ને તું દુઃખી તો થાત જ, પરંતુ એની સાથે બરબાદ બની જાત.'

એ જ દિવસથી ઊર્મિલાને આરામ થવા માંડયો.

એ જ્વરમુક્ત થઇને એકાદ સમાહમાં તો સંપૂર્ણ સ્વસ્થ બની ગઇ.

એ જોઇને બીજા બધાની સાથે નિષ્કામના આનંદનો પાર ના રહ્યો.

( ક્રમશઃ )

## * આ મહી મંગલકારક ક્યારે બને? *

બધે ઈશ્વર છે ને બધું જ ઈશ્વરનું છે. ત્યાં અંદર અંદર ભેદભાવને સ્થાન જ ક્યાં છે? એકતાનો ભાવ આ મહાન વિચારણામાંથી જન્મેલો છે. ને ગીતાની પણ પહેલાં–ઘણા વખત પહેલાં **वसुधैव कुटुम्बकम्**ના દિવ્ય શબ્દો દ્વારા વૈદિક ઋષિઓએ ને ભારતીય સંસ્કૃતિએ એ ભાવને પ્રકટ કર્યો છે. આખી પૃથ્વી કુટુંબ જેવી છે એમ કહીને ભારતના મહાપુરુષોએ ભ્રાતૃભાવનો સંદેશ માનવજાતિને સૌથી પ્રથમ પહોંચતો કર્યો છે. પણ હજી એ સંદેશ માનવજાતિ પૂર્ણપણે ઝીલી શકી નથી. ભારતીય સામ્યવાદના એ મહાન સંદેશને જ્યારે સારી પેઠે ઝીલવામાં આવશે ત્યારે ધર્મ ધર્મ વચ્ચેના વિવાદ ટળી જશે, રંગભેદની રાક્ષસી નીતિનો અંત આવશે, ને સર્વ પ્રકારનાં શોષણ, અત્યાચાર, સામ્રાજ્યવાદ અને અનર્થોનો અસ્ત થશે. માનવ માનવ વચ્ચે ત્યારે પ્રેમ, સંપ ને સહકારનું વાતાવરણ સ્થપાશે અને આ સંસાર નંદનવન જેવો થઇ જશે. અનાચાર, અત્યાચાર, અનીતિ, સ્વાર્થખોરી તથા યુદ્ધોનો અંત આવશે. એમ કહો કે ત્યારે જ આ સંસાર દેવોને પણ પ્રિય બનશે. ને માનવ તેમાં કિલ્લોલ કરશે. એ સમય જેમ જલદી આવે તેમ માનવજાતિને માટે મંગલકારક છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ઈશ્વરદર્શન ક્યારે થાય? *

ભક્તિ વિના–પ્રેમ, શ્રદ્ધા ને લગનપૂર્વકના નિરંતર પુરુષાર્થ વિના–ગમે તેટલા અહંકારયુક્ત તપથી, નામમાત્ર-ના જપથી, સ્વર્ગાદિના સુખની કામના માટે કરાયેલા દાનથી કે યશસ્વી બનવા કરેલા યજ્ઞથી, બુદ્ધિના વિશાળ સાગરભંડારથી કે વાક્પટુતાથી પણ ઈશ્વરનું દર્શન થઇ શકતું નથી. સંસારમાં જેટલાં તીર્થો ને ધર્મક્ષેત્રો છે તે બધાંમાં ફરી વળો, દુનિયાની બધી જ નાનીમોટી નદીઓમાં સ્નાન કરી ચૂકો, ને બધા જ ધર્મગ્રંથોને વાંચી, વિચારી કે સાંભળી લો તેથી પણ શું? તેથી લાભ જરૂર થશે. પણ ઈશ્વરને મેળવવાનું સર્ટિફિકેટ મળશે એમ કહેવાય નહિ. ઈશ્વરને ઓળખવા માટે તો મનની મલિનતા ને વાસનાને દૂર કરી, મનને તીર્થમય બનાવી, ઈશ્વરપ્રેમ ને ઈશ્વર-સ્મરણના સતત અભિષેકથી તેને પાવન કરતા રહી, ઈશ્વરને જ માટે ભૂખ્યા ને તરસ્યા બની, ઈશ્વરને જ માટે ધૂણી ધખાવીને સર્વસ્વનો ત્યાગ કરીને બેસવું ને તપવું પડશે. ભેદભાવ ને બુરાઈનું દર્શન બંધ કરી બધે ઈશ્વરી લીલા ને પ્રભા જોવી પડશે. આનું જ નામ દિવ્યચક્ષુ. આ દિવ્ય ચક્ષુ ઊઘડે તો ઈશ્વરદર્શનને જરાય વાર ન લાગે. મહાકવિ નાનાલાલે ગાયું છે કે–

'પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;
નથી અણુ પણ ખાલી રે, ચરાચર માંહી ભળ્યા.'

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–શ્રીનારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર,
ભાવનગર–૩૬૪૦૦૧. ફોન : ૨૫૮૧૧